
Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ • અંક : ૪૯ • તા. ૦૭ ડીસેમ્બર થી ૧૩ ડીસેમ્બર ૨૦૧૫ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, હૈદરાબાદ : દિવાળી સ્નેહ મિલનની ઝલક

વાર્ષિક સભાના મંચસ્થ મહાનુભાવો





મુખ્ય અતિથી શ્રી તિલકભાઈ સાથે કારોબારી સમિતિ



દીપ પ્રાગટ્ય અને જ્ઞાતિ શિરોમણીને માલાર્પણ



ભૂતપૂર્વ પ્રમુખ સ્વ. શ્રી મણીકાંત મોમાયાની છબીને માલાર્પણ



કાર્યક્રમ માણતા મોટી સંખ્યામાં જ્ઞાતિજનો



ભૂતપૂર્વ પ્રમુખને શ્રદ્ધાજંલિ આપતા જ્ઞાતિજનો

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, હૈદરાબાદ : દિવાળી સ્નેહ મિલનની ઝલક



સંબોધન કરતા પ્રમુખ
શ્રી ધનપતિ લાલજી મોતા



સંબોધન કરતા મુખ્ય અતિથી
શ્રી તિલકચંદભાઈ લોડાયા



અહેવાલ પ્રસ્તુત કરતા સેક્રેટરી
શ્રી મોનિક વિનોદ ધરમશી



સ્પર્ધાના નિર્ણાયક શ્રીમતી તેજલ કૌશિક
મૈશેરી અને શ્રીમતી ઝેની હેમાંગ મોમાયા



વડિલ વંદના : સામુયિક ૭૫ વર્ષ પર્ણ કરનારા
માતુશ્રી મણિબેન મોતાનું સન્માન કરતા



વડિલ વંદના : પ્રસન્ન દામ્પત્યની સુવર્ણજયંતિ ઉજવનારા
શ્રી ઉત્તમચંદભાઈ મોમાયાનું સન્માન



મુખ્ય અતિથીનું સન્માન



શ્રીમતી લતાબેન મણીકાંત મેઘજી મોમાયા
પરિવારનું સન્માન (સ્વામી વાત્સલ્યના દાતા)



માતુશ્રી વિજયાબેન વેલજી ધરમશી
પરિવારનું સન્માન (ઇનામના સ્પોન્સર)



ગરબા અને દાંડીયા રાસના વિજેતાઓ



ફેન્સી ડ્રેસ સ્પર્ધાના સ્પર્ધકો



સરસ્વતિ વંદન : સિલ્વર મેડ વિજેતાઓ





← પ્રવેશ દ્વારે આવકાર ↑ રજીસ્ટ્રેશન કાઉન્ટર

# તેરેંજા તેજસ્વી તારલા ને નાંદેડજા નરવીર

# શ્રી કેતનકુમાર કુલિનકાંત ગોવિંદજી નાગડા કે વધાઇ...



ધન્ય ધરા મહારાષ્ટ્રજી ને, ધન-ધન નાંદેડ ગામ
હિન ભૂમિતે અવતર્યા, જેંજો કેતનભાઈ શુભ નામ
તા. ૧૩-૪-૭૦ જો પશુ - પક્ષીયેં, કર્યો કિલબિલાટ ને થૈ સોનેરી સવાર
**પિતા કુલીનકાંતને માતા મધુબેન** જે કુક્ષે, જન્મ્યા **કેતનકુમાર**
**કુલીનકાંત ગોવિંદજી નાગડા** પરિવારજો, ખીલી ઉઠયો સંસાર
જનમધે પુત્તર **કેતનકુમારથી**, ખુશીજો નર્યો પાર
સાધા-સીધાને સરળ, સ્વભાવેં ભારી નિખાલશ
ખૂબ ભણી અગ્યા વધી, માનવ સેવા કરેજી હુઇ વડી ધગશ
નાંદેડ ગુજરાતી સમાજજા, પ્રમુખ થૈ સેવાડીયે ધરખમ
ગુજરાતી સમાજ જે વિકાસલા યોજનાંઉ કરે, કમ કરીયેં હરદમ
મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ મહામંડળ, જેં મુંભઇ મેં કર્યો સન્માન
(૨૦૧૪ મેં) આજી સેવાજી કધર કરે એવોર્ડ ડૈ, ડીના આંકે અધિકો માન
નાંદેડ શિક્ષણ સંસ્થાજા, અંઇ પ્રમુખ થ્યા સવાઇ
બહુમતી સેં ચુંટાણાં, તડેં માડુ આંકે ડીયેં વધાઇ મથા વધાઇ
શિક્ષણ ક્ષેત્રે ભલે ભન્યા પ્રમુખ, ત સેવાડીજા પૂરો મન લગાઇ
શિક્ષણથી કોઇ વંચિત નરે, એડી કરીજા જોગવાઇ
ભાર્યા મિનલને પુત્તર જિનેનને સુમિત, જેંજી ખુશી મનમેંના સમાઇ
**ભા-પારસને દિપાલી ને અજય ને સોનલ ભેણ** પણ,
આંકે હરખે હરખે ડીયેં વધાઇ
ધન્ય-ધન્ય **કેતનભાઇ** જે નેંઢી વયમે, થ્યા બોય સંસ્થાજા પ્રમુખ
હાંણેત નાંદેડજી સેવામેં-પૂરો ગિનજા ભાગ, જે કોઇ નરે વિમુખ
પર પ્રાંતમેં તેરેં ગામજો નાં રોશન કર્યાં, ડૈ સેવા અમૂલખ
નાંદેડ ગામ આંકે ભુલી ન શગે, એડી અન્નાપ સેવા ડીજા મબલખ
ધુનિયામેં પિંઢલાત જીવેં જિજ્જા, પરાયેલા જીવધલ ઇ નરવંકા
**રશ્મિનચેં** અંઇત એડો જીવન જીવજા જે, માનવ સેવાજા વજાય છડીજા ડંકા

રશ્મિન ખોના (મુંભઇ)

**શુભેચ્છા સહ આર્શીવાદ**

## શા આણંદજી દામજી નાગડા સમસ્ત પરિવાર (તેરા - નાંદેડ)



## ગુજરાતી સમાજના અધ્યક્ષ

તથા

## સમસ્ત ગુજરાતી સમાજના લાડકા

# શ્રી કેતન

## કુલીનકાંતભાઈ નાગડા

ની

## ગુજરાતી શિક્ષણ સંસ્થા નાંદેડના

# અધ્યક્ષ પદે

ભારે મતો મેળવી
વરણી થઈ તે બદલ

# હાર્દિક અભિનંદન



**શુભેચ્છા સહ :**

## માતુશ્રી મધુબેન કુલીનકાંત નાગડા

શ્રી જયંતીભાઈ ગોવિંદજી નાગડા
શ્રી સુરેશભાઈ ગોવિંદજી નાગડા
શ્રી ભરતભાઈ ગોવિંદજી નાગડા
શ્રી હેમેંદ્રભાઈ વિસનજી લોડાયા

### ગુજરાતી શિક્ષણ સંસ્થાના નવ નિર્વાચીત પદાધિકારીઓ તથા સભ્યો

**અધ્યક્ષ** : શ્રી કેતનભાઈ કુલીનકાંત નાગડા
**ઉપાધ્યક્ષ** : શ્રી કરસનભાઈ કાટાવાલા (પટેલ)
શ્રી વિશ્રામભાઈ ગોરી
**સચિવ** : શ્રી પ્રવિણભાઈ પટેલ
**સહસચિવ** : શ્રી મોહનભાઈ ભદ્રા
**ખજાનચી** : શ્રી મંગલભાઈ પટેલ

**કાર્યકારિણી સર્વે સભ્યો શ્રી**

મિતેશભાઈ શાહ
સૌ. વર્ષાબેન ઠક્કર
દિપેશભાઈ હિરાચંદભાઈ લોડાયા
મહેન્દ્રભાઈ ગણાત્રા
વસંતભાઈ ભાનુશાલી
ચંદ્રકાંતભાઈ પટેલ
તુલસીદાસભાઈ ભાનુશાલી
અશ્વિનભાઈ પટેલ
જિતેન્દ્રભાઈ ચૌહાણ

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 49/2015**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# અરિહંત બેંકનો વધતો નફો બેંકમાં કલુષિત રાજકારણ પ્રેરે તે પહેલાં તેને સમાજ ઉપયોગી કેમ બનાવાય તેનું આયોજન જરૂરી

અરિહંત બેંકની ચુંટણી હવે થોડા જ મહિના દૂર છે. તેનું અત્યારનું સંચાલક મંડળ તેની પર અંકુશ/વર્ચસ્વ ઈચ્છતા બે જુથો અને એ બન્ને જુથોનો ટકરાવ ટાળવા પોતાની વગ વાપરતું ત્રીજું જૂથ એમ વહેંચાયેલું છે. આવનારી ચુંટણીમાં અંકુશ/વર્ચસ્વ ઇચ્છતા બન્ને જુથો ત્રીજા જૂથના ભોગે પોતાની બહુમતી સિધ્ધ કરવા માંગશે એના અણસાર અત્યારથી મળવા લાગ્યા છે.

આ અનિચ્છનીય વલણ ટાળવા મતદારોએ સજાગ રહેવું પડશે. જોકે, ખુશીની વાત એ છે કે અરિહંત બેંકના વ્યવહારને કમ્પ્યુટરીકરણના આધારે કાર્યદક્ષ બનાવવા નિમિત્તે ચિત્રમાં આવેલા સેવાભાવી કમ્પ્યુટર નિષ્ણાત કિરીટ શાહ (મુનવર) એ જ્ઞાતિ પ્રત્યેની પોતાની ફરજ ધ્યાનમાં રાખીને બેંકના વહીવટને પારદર્શક અને ગરબડ રહિત બનાવવાને પોતાનું જીવનકાર્ય માન્યું તેમજ અનેક અડચણો છતાં એ કામ પુરું કરી બતાવ્યું. જેને કારણે અરિહંત બેંક હવે રીઝર્વ બેંક દ્વારા કમ્પ્યુટરના આધારે કાર્યદક્ષ હોવા સાથે પારદર્શક અને ગરબડની શક્યતા વગરની હોય તેવી ૧૦ સહકારી બેંકોમાં સ્થાન પામી ચૂકી છે.

જ્ઞાતિની દૃષ્ટિએ ખુશીની વાત એ છે કે કિરીટભાઈ ની કામગીરીની આડપેદાશ તરીકે આવતી કાલે વહીવટ શક્તિમાં પ્રમાણમાં નબળા અને બેદરકાર ડાયરેક્ટરો આવે તો પણ બેંકની કામગીરી કે નફા ક્ષમતામાં ઘટાડો થવાનો નથી. બીજા શબ્દોમાં કહીએ તો સદભાગ્યે એવી સ્થિતિ સર્જાઈ છે કે કોઈ સારી વહીવટી શક્તિ ધરાવતા હોય પણ તુંડમિમજી હોય કે સમાજના હિતને અવગણીને માત્ર બેંકનો નફો વધારવાની જ તેમની કામગીરી છે એવું માનતા લોકોને અરિહંત બેંકના મોટા ભાગના ક.દ.ઓ. જ્ઞાતિના એવા મતદારો બેંક કે સમુદાયના હિતને નુકસાન પહોંચાડ્યા વગર જાકારો આપી શકે છે.

અત્યાર સુધી થોડા અપવાદો સિવાય અરિહંત બેંકના ડાયરેક્ટરપદે એવા જ લોકો આવ્યા છે કે જેમણે જાહેરમાં કહ્યું હોય 'અમારું મુખ્ય કામ રીઝર્વ બેંકની માર્ગદર્શિકા પ્રમાણે કાર્યસાધક રીતે બેંક ચલાવીને નફો રળવાનું છે. સામાજિક રીતે ઉપયોગી થવાના બેંકના સભ્યો કે જ્ઞાતિજનોના સૂચનો પર ધ્યાન આપવાનું નહીં.' અને ખેરખર જ આ સૂચન કરનારાઓએ હડધૂત કરવામાં આવ્યા હોય તેવા ઘણા દાખલાય બન્યા છે.

કાર્યસાધક કમ્પ્યુટર અને સેવાભાવી દીર્ઘદ્વારા કમ્પ્યુટર નિષ્ણાત તથા તેમના હાથ નીચે તૈયાર થઈ ચૂકેલી તેમની ટીમને કારણે બેંકના સભ્યો અને જ્ઞાતિને માત્ર વહીવટી શક્તિને કારણે વર્ચસ્વ જમાવીને દાદાગીરી કરતા તથા રીઝર્વ બેંકના નિયમોની દુહાઈ આપી, જ્ઞાતિ હિત અવગણનારાઓની દયા પર રહેવામાંથી મુક્તિ મળી છે. આવામાં બેંક માત્ર કાર્યસાધક જ નહીં સમાજ ઉપયોગી પણ હોય એ વિશે નવેસરથી વિચારણા કરવાની તથા તે પ્રમાણે સેવા કરી શકનારા સેવાભાવીઓને મોરચો સંભાળી લેવાની હાકલ કરવાની જરૂર છે.

વર્ષોથી આપણે સાંભળતા આવ્યા છીએ કે રીઝર્વ બેંકે લાદેલા નિયમોને કારણે ડાયરેક્ટર ઈચ્છા હોવા છતાં જ્ઞાતિને ઉપયોગી થઈ શકતા નથી. આ હકીકત છે કે ઉપજાવી કાઢેલું બહાનું : એ તપાસવાનો વખત આવી ગયો છે.

કોઈ પણ પ્રતિષ્ઠાન જે જનતાના પૈસે ચાલતું હોય – નાણાકીય વહેવાર સુવિધાજનક બનાવવાના વ્યવસાય સાથે સંકળાયેલું હોય તે ઇચ્છિત ધ્યેય પ્રમાણે ચાલે એ જોવાની રીઝર્વ બેંકની ફરજ છે અને તે પ્રમાણે જ તેને અધિકાર પ્રાપ્ત થયા છે. કોઈ પણ બેંકને તેના સંચાલકો, કર્મચારીઓ બિન કાર્યક્ષમતાથી કે અનૈતીક કૃત્યથી નુકસાન ન થાય તે જોવાની ફરજ પ્રમાણે રીઝર્વ બેંકે સહકારી બેંકો સહિતની બધી બેંકો નફાકારક અને લોકોનો નાણાકીય વ્યવહાર સરળ બનાવતી બને એ માટે નિયમો બનાવ્યા છે તેમજ કાર્યદક્ષતા સાથે પારદર્શકતા પણ વધે તે માટે બધી બેંકોના કમ્પ્યુટરીકરણ પર ભાર મૂક્યો છે. મોટી વેપારી બેંકોના કમ્પ્યુટરીકરણાની પ્રક્રિયા લગભગ પૂરી થઈ ગઈ છે પણ સહકારી બેંકોની બાકી છે.

સહકારી બંકો લોક ઉપયોગી કાર્ય કરી શકે કે નહીં ? એ સંદર્ભમાં તપાસીએ તો સ્પષ્ટ જણાશે કે કાઈપણ બેંક કાર્યક્ષમતા કે નફાકારકતાના ભોગે સમાજસેવા કરે એ રીઝર્વ બેંક ન ચલાવી શકે કેમકે રીઝર્વ બેંક તે સહકારી બેંકોને તેના સભ્યો કે તેની સાથે, તેના દ્વારા નાણા વ્યવહાર કરનારના ભોગે સહકારી બેંકોની સમાજ સેવા કરવા ન આપી શકે. બીજા શબ્દોમાં કહીએ તો રીઝર્વ બેંક સામાન્ય વ્યવહાર તરીકે સહકારી કે બીજી બેંકોને સમાજસેવા માટે મંજુરી ન આપી શકે.

સાથે સાથે થયેલા નફામાંથી અમુક ભાગ ઉજ્જ્વલ ભવિષ્ય માટે રાખ્યા પછીની રકમમાંથી સમાજ સેવા કરતા રોકી પણ ન શકે. કેમકે તેમ કરે તો રીઝર્વ બેંક તે બેંકનું સંચાલન કરનારાઓ સાથે તેના દ્વારા નાણા વ્યવહાર કરતા નાગરિકોના બંધારણીય મૂળભૂત અધિકાર પર તરાપ મારે છે એમ કહેવાય.

આટલી સમજ કેળવ્યા પછી કોઈપણ સહકારી બેંક કે આપણા મૂળ વિષયના સંદર્ભમાં કહીએ તો અરિહંત બેંક ખોટ કરીને નહીં પણ નફો કરી તથા તે નફામાંથી ઉજ્જ્વલ ભવિષ્યને સુરક્ષિત કરવાની રકમની જોગવાઈ કર્યા બાદ જરૂર સમાજસેવા કરી શકે.

આજે આપણી (અથવા બૃહદ સંદર્ભમાં કહીએ તો સહકારી બેંકના સભ્યો કે સમાજની) મુખ્ય સમસ્યા છે રહેઠાણ માટે ઓછા વ્યાજે નાણા કેમ મેળવવા અને મોટી માંદગી વખતે આવશ્યક સુરક્ષા છત્ર પરવડે તેવા દરે કેમ પ્રાપ્ત કરવું તે.


| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.


હવે આપણે સર્વસામાન્ય વાત છોડી અરિહંત બેંક વિશે વાત કરીએ કેમકે તે દૃષ્ટાંત આડકતરી રીતે કમ સે કમ બધી સહકારી બેંકને તો લાગુ પડશોજ.

આ માટે સૌથી પહેલાં અરિહંત બેંકે માત્ર સહકારી બેંક રહેવાને બદલે નફો ન કરનારી બેકીંગ કંપનીમાં પોતાનું રૂપાંતર કરાવવું રહ્યું. આમાં કાયદાકીય અડચણ આવી શકે છે અને તેને માટે અદાલત રામક્ષ જવાની તૈયારી રાખવી પડે.

આ બિન નફાકારક કંપની એવી હોય જે પોતાના નફાનો ૪૦% ભાગ ઉજજવલ ભવિષ્ય માટે સુરક્ષિત રાખ્યા બાદનો ૬૦% નફો નીચે પ્રમાણે ઉપયોગમાં લેતી હોય :

સહકારી કે અન્ય બેંકો જ્ઞાતિની નથી એ વાત ધ્યાનમાં રાખીને આ ઉપયોગની ફોરમ્યુલા સરકારી નીતિ પ્રમાણે બનાવવી પડે તો જ આ કામ સુગમતાથી થઈ શકે.

૧. બેંક તેના ચોખ્ખા નફાનો ૨૦% ભાગ જૈન લઘુમતિના વાર્ષિક છ લાખ સુધીની આવક ધરાવતા લોકોને રહેઠાણ લોનના વ્યાજમાં અને મેડીકલેમ વીમાના પ્રીમીયમમાં રાહત આપવા વાપરવાનું ધ્યેય મંજૂર કરાવી લે.

૨. બેંક તેના ચોખ્ખા નફાનો ૧૫% ભાગ જૈન લઘુમતિના વાર્ષિક છ લાખથી વધુ આવક ધરાવતા લોકોને રહેઠાણ લોનના વ્યાજમાં અને મેડીકલેમ વીમાના પ્રીમીયમમાં રાહત આપવા વાપરવાનું ધ્યેય મંજૂર કરાવી લે.

૩. બેંક તેના ચોખ્ખા નફાનો ૫% ભાગ અન્ય લઘુમતીના લોકોને રહેઠાણ લોન પરના વ્યાજમાં અને મેડીકલેમ વીમાના પ્રીમીયમમાં રાહત આપવા વાપરવાનું ધ્યેય મંજૂર કરાવી લે.

૪. બેંક તેના ચોખ્ખા નફાનો ૨% ભાગ એસી/એસટી તેમજ ૩% ભાગ ઓબીસી લોકોને રહેઠાણ લોન પરના વ્યાજમાં અને મેડીકલેમ વીમાના પ્રીમીયમમાં રાહત આપવા વાપરવાનું ધ્યેય મંજૂર કરાવી લે.

૫. બેંક તેના ચોખ્ખા નફાનો ૧૫% ભાગ સામાન્ય જનતાને રહેઠાણ લોન પરના વ્યાજમાં અને મેડીકલેમ વીમાના પ્રીમીયમમાં રાહત આપવા વાપરવાનું ધ્યેય મંજૂર કરાવી લે.

આ વસ્તુને અમલમાં મૂક્તા વાર લાગે પણ બીજી એવી ઘણી બાબતો છે જે બેંક અત્યારે જ કરી શકે જેમકે

(અ) જ્ઞાતિ સંસ્થાના કાર્યક્રમોમાં સ્ટોલ લગાડી બેંકની સ્કીમો પ્રચાર કરવાના નામે સંસ્થાઓને કાર્યક્રમ ખર્ચમાં મદદ કરી શકે.

(બ) બેંકની સ્કીમોનો પ્રચાર કરવા માટે જ્ઞાતિ પત્રોમાં કાયમી કલર જાહેરાત આપી, જાહેરાતના દર ઘટાડવામાં મદદ કરી શકે.

સમાપન કરતાં ભારપૂર્વક કહેવાનું કે જો અરિહંત બેંકના વધતા નફાને સમાજના ઉપયોગ માટે વાળવા વિશે વિચારમંથન કરી કોઈ અસરકારક યોજના નહીં બનાવવામાં આવે તો આ નફો વધતો જ જશે. તેની સાથે બેંકના સંચાલનમાં વર્ચસ્વ મેળવવા માટેની લાલચ અને સ્પર્ધા પણ વધતા જશે તેમજ તેમાં અનૈતીક સાધનોનો ઉપયોગ કરવાની પણ લાલચ વધશે. માટે, સમયસર સજાગ થઈએ લાલચનું પાણી આપણી સહિયારી મિલકત પર ફરી વળે તે પહેલાં સેવા ભાવ અને સજાગતાની પાળ બાંધીએ.

**- ચંદ્રસેન મોમાયા**

# Shree KDO Jain Gnati Mahajan Mumbai

*Organises*

## APTITUDE TEST

for 9th, 10th, 11th, 12th
KDO STUDENTS

KDO
અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

Education Committee

- Why Aptitude Test?
- To know Potential of Student
- Over all performance
- Natural abilities
- Career & Educational Direction
- **This/Any Aptitude Test has been made compulsory for all KDO Higher Education Loans.**

Out Station Students required to get return ticket on 27 & 28.12.2015 as Counseling will be done on 27.12.2015

**So enroll your name as early as possible.**

**Venue**
**RASHTRIYA SHALA**
Upashraya Lane,
Near Zaverben Popatlal Hall,
Ghatkopar (East) - 400 077.
**Date : 26th December 2015**
Saturday, 9:00 am onwards
followed by **LUNCH**

**CONTACT**

**Shri KDO Jain Gnati Mahajan, Mumbai**
Shri Anantnathji Maharaj Jain Derasarji, 302/306, Narshi Natha Street,
Mumbai -400 009. **Tel.:** 022-23448274 / 9579787800 **Time :** 11:00 am to 6:00 pm

**REGISTRATION** ₹100/-
**Last Date :** 20.12.2015

**CONVENER**
**JATIN** DHARAMSHI | **JALPA** LODAYA

# Shree KDO Jain Gnati Mahajan Mumbai

## EDUCATION COMMITTEE &

## Shree KDO Students Association

*Organises*

Educational Motivation Program

## "Score Mantra"

Make your Ideal Score Happen

**For 8th, 9th, 10th, 11th, 12th KDO Students**

**REGISTRATION** ₹50/-
Refundable After Program
**Last Date :** 20.12.2015

... for increasing exam score, time management
... reduce exam fear
... study techniques, confidence and many more

**Venue**
**RASHTRIYA SHALA**
Upashraya Lane,
Near Zaverben Popatlal Hall,
Ghatkopar (East) - 400 077.
**Date : 26th December 2015**
Saturday, 2:00 pm onwards
followed by **Snacks**

| | | |
|---|---|---|
| | **Masjid**<br>Chirag Lodaya : 9819003318 | **Dombivli (W)**<br>Urmila Lapasia - 8108800783<br>Beena Meisheri - 7506176319 |
| | **Ghatkopar**<br>Hemil Dand - 98199 85339 | **Dombivli (E)**<br>Shrushti Lodaya - 9702547066<br>Pratik Sayla - 9867642592 |
| | **Mulund / Thane**<br>Riddhish Poladia - 8108647645 | **Rest Mumbai**<br>Nilima Jiwani - 8080847978<br>Meet Meisheri - 9967380347 |
| **Kanjurmarg / Bhandup**<br>Ushma Dagha - 9769050456 | **Navi Mumbai**<br>Divesh Lodaya - 9320315561 | |

## કેળવણી અને આપણી જ્ઞાતિ - ૩

**રમેશ મુલજી લોડાયા** - ભરૂડિયા, મુલુંડ - 098203 36767

ગત અંકમાં મંબઈ પાઠશાળાની સ્થાપના અને સાંયરાના શેઠ માણેક ચાંપસીના યોગદાન અંગે જાણ્યું. માણેક શેઠે જાણ્યું કે શ્રીમંતોના બાળકો ભણવામાં લક્ષ આપતા નથી જ્યારે ગરીબો પોતાના બાળકોને ભણાવવા માટે આતુર હોવા છતાં ભણાવી શકતા નથી. કચ્છ/હાલારમાં વસતા બંધુઓ પોતાના બાળકોને મુંબઈમાં કેળવવા ઈંતેજાર હોઈ પણ છે જગ્યાએ બાળકોને રાખવાની સગવડ નથી અને તેથી મુંબઈ મોકલવાનું માંડી વાળે છે. જ્ઞાતિના આવા નિરાશ્રિત અને ગરીબ માબાપોના બાળકોનું ભરણ પોષણ કરી રહેવાની સગવડવાળી બોર્ડીંગની જરૂરત છે. પોતાની સંપત્તિ તો અગાઉ પાઠશાળાની સ્થાપનામાં આપી દીધેલ અને વધારે આર્થિક યોગદાન આપવું શક્ય ન હતું પરંતુ એમણે પોતાના પ્રયાસો ચાલુ રાખ્યા. બોર્ડીંગ ઊભી કરવા ઉચ્ચ કેળવણી પામેલા શ્રી લખમશી હીરજી મૈશેરી તથા શ્રી ગોવિંદજી મુલજી મેપાણીએ પણ અગ્રભાગ ભજવ્યો.

થોડા સમય બાદ શેઠ જેઠાબાઈ વર્ધમાને બોર્ડીંગ સ્થાપવાના ફંડમાં, રૂા. ૫૦૦૧ પોતાની સ્વર્ગવાસી પુત્રી બાઈ હીરબાઈના સ્મરણાર્થે તથા શેઠ જેઠાભાઈ દામજીએ પોતાના કાકા સ્વ. ભારમલ મેગજી ટ્રસ્ટમાંથી રૂા. ૫૦૦૧ની રકમ આપી અને ટુંક સમયમાં રૂા. ૪૦,૦૦૦ જેટલી રકમ થઈ ગઈ. ભંડોળ જમા થઈ ગયું પરંતુ બોર્ડીંગ ક્યાં સ્થાપવી તે મુંઝપણ હતી.

મુંબઈ મહાજનવાડીની પશ્ચિમ તરફી ચાલ તોડી ત્યાં ત્રણ મજલાનું મકાન બાંધવાનું આયોજન થતા અને તેમાં ત્રીજો માળ બોર્ડીંગ માટે વાર્ષિક રૂા. ૧ ના ભાડે આપવાનું નક્કી થતા આ પ્રશ્ન હલ થઈ ગયો. સને ૧૯૦૪માં બોર્ડીંગની સ્થાપના થઈ. શરૂઆતમાં છાત્રોની સંખ્યા ૧૮ની હતી.

સુથરીના શેઠ જેઠાભાઈ દામજી મેઘજીનું અકાળે અવસાન થતાં એમની સ્મૃતિમાં સદ્‌ગતના ઉઠમણાં પ્રસંગે ચૈત્ર વદ ૭ સંવત ૧૯૬૨ના (ઈ.સ. ૧૯૦૬માં) મુંબઈ મહાજને દ્વારા શુભ ખાતાની શરૂઆત કરવામાં આવી. આ પ્રસંગે નીમાયેલી મહાજનની સબ કમિટિમાં માણેક શેઠ અગ્રેસર હતા. શુભ પ્રસંગે કે ઉઠમણા પ્રસંગે શુભ ખાતામાં રકમ ભરાવી મહાજન હસ્તકનાં પાંચ ખાતામાં સરખે ભાગે જમા કરવાની શરૂઆત થઈ. ૧. શ્રી ક.દ.ઓ. જૈન બોર્ડીંગ ૨. શ્રી ક.દ.ઓ. જૈન સેનેટોરીયમ ૩. નિરાશ્રીત ફંડ ૪. શ્રી ક.દ.ઓ. ભાંડૂપ સેનેટોરીયમ અને શ્રી ક.દ.ઓ. કન્યાશાળા. આમ માત્ર શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના પુરતા સિમિત ન રહેતા, સંસ્થાઓને કાયમી આવક મળતી રહે અને સંસ્થાઓનું ભરણ પોષણ યોગ્ય રીતે થાય તેની માણેક શેઠ ખૂબ કાળજી રાખતા.

શરૂઆતના ૨૩ વરસમાં ૩૭૧ બાળકો ભણ્યા તેમાંથી માત્ર ૩ ઉચ્ચ અભ્યાસ કરી શક્યા પરંતુ ત્યાર બાદનાં વરસોમાં


**શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા**

**નમ્ર અપીલ**

સંસ્થા એના કપરા સમયમાંથી પસાર થઇ રહી છે,
રોજના ખર્ચને પહોંચી વળવા
અમે કરૂણાપ્રેમીઓને કરબદ્ધ વિનંતી કરીએ છીએ
આપ ઉદાર દિલે

**140 જીવોને જીવાડવા દાન આપો.**

આપને ત્યાં આવતા જન્મદિન, લગ્ન પ્રસંગ, એનીવર્સરી, ઓપનીંગ સેરેમની, એજ્યુકેશન ડીગ્રીની પ્રાપ્તિ, પહેડી, ધાર્મિક ઉત્સવ જેવા Celebration માં તેમજ સ્વજનના મૃત્યુના દુઃખદ પ્રસંગે અને માંદગીની અશાતા ટાળવા
પશુઓની કકળતી આંતરડી પ્રત્યે થોડો 'ભાગ' રાખવાથી
આપના સુખ-દુઃખમાં એમની 'દુઆ' મળશે જ...



કોઇ અબોલ પશુને જીવનદાન આપશો તો...
સૌથી શ્રેષ્ઠ વસ્તુ નિરોગી લાંબુ જીવન મળશે જ...

લી. : મહેન્દ્ર દેવજી ખોના (મેનેજીંગ ટ્રસ્ટી) ૦૯૩૨૩૯ ૧૭૦૭૫

(80G Available)

દાન માટે સંપર્ક

**શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા**

મુ. જખૌ, તા. અબડાસા (કચ્છ) - ૩૭૦ ૬૪૦. ફોન : ૦૨૮૩૧-૨૮૭૨૩૯

મુંબઈ સંપર્ક : કિશોર ખીમજી (કાયાણી) ખોના
એ/૧૩, ફ્લેટ નં. ૧૦, અપૂર્વ એપાર્ટ., ગોવર્ધન નગર,
એલ.બી.એસ. માર્ગ, મુલુંડ (વેસ્ટ), મુંબઇ-૮૦. ફોન : ૦૯૯૨૦૩ ૯૫૫૫૧

Send your donation cheque in favour of "Shri Jakhau Panjrapol Trust"

BINITA SATISH MARU : 98690 34162



।। શ્રી કુળદેવી અંબા માતાય નમઃ ।।

**વાંકુ ગામ મધે બીરાજમાન અંબા માતાને નમતા વાંકુ - જખૌ - સાંયરાના પરિવારો જોગ**

જય માતાજી સાથે જણાવવાનું કે આપણી કુળદેવી અંબામાતાના ભૂવા બનાવવાનો પોગ્રામ તા. ૧૯-૪-૨૦૧૬ ને મંગળવારથી તા. ૨૧-૪-૨૦૧૬ ને ગુરૂવાર સુધી ત્રણ દિવસનો વાંકુ મધે કુળદેવી અંબામાતાના સ્થાને રાખેલ છે. તો સર્વે કુટુંબીઓને તા. ૧૯-૪-૨૦૧૬ને મંગળવારના સ્થાને પર પધારવા વિનંતી. બપોર સુધીમાં આવી જવું.

**પિસતાળીશ વર્ષો બાદ માતાનો બોલાવો આવ્યો છે તો રૂડી રીતે પધારવા વિનંતી.**

❖ વ્યવસ્થામાં ❖

૧) રસોડાની વ્યવસ્થા વાંકુ ભોજનાલયમાં રાખેલ છે.
૨) રહેવાની સગવડ વારાપધર તિર્થે અતિથીગૃહમાં રાખેલ છે.
૩) આયંબીલ ચોવિહારની સગવડ રાખેલ છે.
૪) ટીકીટોની વ્યવસ્થા જાતે કરવી પડશે.

રમેશ ત્રીકમજી સોની, વાંકુ - 098200 34251
દામજી નરશી સોની, વાંકુ - 099204 60553
ગોવિંદજી નેણશી સોની, સાંયરા - 099234 67640
લહેરચંદ વિશનજી સોની, જખૌ - 095946 71420

ઉચ્ચ શિક્ષણનો ગ્રાફ ઝડપથી વધવા માંડ્યો. શરૂઆતના ૨૫ વરસમાં ૧૦૧ મેટ્રીક અને ૧૪ સ્નાતકો બોર્ડીંગમાંથી નીકળ્યા. બોર્ડીંગનો લાભ લેનારાની સંખ્યા ૮૦૦ જેટલી થઈ.

સને ૧૯૪૨માં શ્રી ક.દ.ઓ. સેવક સમાજના ટ્રસ્ટીઓ દ્વારા સંસ્થાને ઓસવાલ નિવાસનું મકાન ભેટ અપાયું જ્યાં મુંબઈ બોર્ડીંગ ૧૯૭૫ સુધી કાર્યરત રહી. શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન સેવક સમાજમાં ટ્રસ્ટીઓ આ સ્વ. પદમશી શીવજી, સ્વ. દેવજી રાયસી ઝવેરી, સ્વ. લાલજી મેઘજી, સ્વ. શ્રી હીરજી કાનજી મણસી તથા સ્વ. શ્રી વીરજી ગંગાજર મૈશેરી. સને ૧૯૫૩માં બોર્ડીંગને રૂપિયા એક લાખનું દાન શ્રી વીરજી લધાભાઈ ખીયરાજ ધરમશી, નલીયાવાળા તરફથી મળ્યું અને બોર્ડીંગના નામમાં એમનું નામ જોડી શ્રી વીરજી લધાભાઈ કચ્છી દશા ઓસવાળ જૈન વિદ્યાર્થીગૃહ નામ રખાયું.

શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈએ પોતાની બિલ્ડીંગ લક્ષ્મી નિવાસ દાનમાં આપતા આ સંસ્થા ઘાટકોપર સ્થળાંતરિત થઈ. ઓસવાલ નિવાસના વેંચાણમાંથી મળેલ રૂા. ૧૦ લાખ ૧૧ હજાર માંથી લક્ષ્મી નિવાસ કમ્પાઉન્ડમાં બોર્ડીંગ માટે નવું મકાન બંધાવ્યું. હાલ આ સ્થળે અદ્યતન બોર્ડીંગ મકાનનું નિર્માણ ચાલુ છે.

આ સંસ્થાને **૩૫ વરસ સુધી એકધારી સેવા** ડૉ. પુનશી હીરજી મૈશેરી અને શ્રી રતનશી માણેકચંદે આપી. તે ઉપરાંત ભવાનજી નથુ, ત્રીકમજી નરશી, ભવાનજી અરજણ, લાલજી રામજી, પોપટલાલ રામજી, ગોવિંદજી જીવરાજ લાલકા, કાનજી નરશીએ સેવા આપી. જ્ઞાતિના શિક્ષણ પિતામહ શ્રી શીવજી કુંવરજી વીકમશીને કેમ વિસરી શકાય શિક્ષણને રંગે રંગાયેલ મુરબ્બી શ્રી શીવજીભાઈ છેલ્લા ૬૫ વરસથી આ સંસ્થામાં અસ્ખલિત સેવા આપી રહ્યા છે. વિદ્યાર્થી અવસ્થામાં અભ્યાસની સાથે સંસ્થાના સંચાલનમાં તેઓએ પોતાની સેવા આપી છે.

જેવી રીતે મુંબઈ પાઠશાળા સમગ્ર જૈન સમાજમાં પ્રથમ કેળવણી આપતી સંસ્થા બની એવી રીતે કેળવણી અંગેની પ્રથમ બોર્ડીંગ બની જે આપણા વડિલોનું દુરંદેશીપણું બતાવે છે. આવી સંસ્થાઓના કારણે જ એક સમયે અશિક્ષિત ગણાતી જ્ઞાતિએ એક સદીમાં ૧૦૦% શિક્ષિત જ્ઞાતિનું માન મેળવ્યું છે.

– ક્રમશ

## બાળકો માટે શિબીર

બાળકો માટે **ડિસેમ્બર તા. ૨૪, ૨૮, ૧** ના માટુંગામાં શિબીરનું આયોજન કરવામાં આવેલ છે. બાળકોમાં એકાગ્રતા ડ્રોઈંગ અને હેન્ડ રાઈટીંગ એનાલીસીસ ઓરા થીએનજી ને ઓળખતા માઈન્ડ એન્ડ મેડીટેશન જેવા વિવિધ કોર્સ શિખવાડવામાં આવશે.

**સંપર્ક : ડૉ. શિતલ અને ડૉ. સ્મિતા**

**ફોન : 098331 37526**

**ફક્ત પાંચ જણ વહેલા તે પહેલાના ધોરણે**

॥ નમામિ જ્ઞાતિ મૈયૈ ॥

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન

**કાર્યાલય :** C/o. તન-મન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ, ૧૯-૨૦, મોનાણી સદન (ભુજબલ નિવાસ), જવાહરલાલ નેહરૂ રોડ, મુલુન્ડ (પ.), મુંબઈ - ૮૦. Tel.: 2590 3514 / 15 / 16
E-mail : samastamahajan@yahoo.com

## મહાસમિતિ પર આપના પ્રતિનિધી મોકલાવશોજી

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજનો**

માનદ મંત્રીઓ જોગ,

જય જિનેન્દ્ર, સવિનય જણાવવાનું કે

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજનની મહાસમિતીની એક વર્ષની વધારાયેલ અવધિ ૩૧ માર્ચ ૨૦૧૬ ના રોજ પુર્ણ થાય છે જેનાથી આપ અવગત હશોજ.

વર્ષ ૨૦૧૬-૨૦૨૧ના ૫ વર્ષ માટે આપના મહાજનમાંથી પ્રતિનિધી મહાસમિતી પર મોકલવા ચુંટી, તેમના નામ સરનામાની વિગતવાર લેખીત જાણ અમને મોડામાં મોડા કાર્યાલયે તા. ૩૧/૦૧/૨૦૧૬ સુધી મળી રહે તે રીતે મોકલી આપવા વિનંતી છે.

બંધારણ મુજબ કચ્છ, હાલારના મૂળ વસ્તીવાળા ગામો જ્યાં હાલ જ્ઞાતિજનો સ્થાનિક રહે છે તેવા ગામોના મહાજનો તથા જ્યાં સ્થાનિક વસ્તી નથી છતાં, તે ગામના જ્ઞાતિના ગામવાસીઓની ભારતભરમાં સંખ્યા એકસોથી વધુ છે, તેવા કચ્છ તથા હાલારના મૂળના મહાજનો 'સમસ્ત મહાજન'ના સભ્ય ગણશે.

ઉપર મુજબ જે મહાજનોનો સમાવેશ ન થયો હોય તેવા ભારતભરના ઓછામાં ઓછા ત્રીસ જ્ઞાતિજનોની વસ્તીવાળા ગામોના મહાજનનોએ.

અત્રે દર્શાવેલ કોષ્ટક મુજબ મહાસમિતિના પ્રતિનિધી વસતિના આધારે ચુંટવાના રહેશે.

**૩૦ થી ૩૭૪ સુધી એક પ્રતિનિધી**

**૩૭૫ થી ૬૨૪ સુધી બે પ્રતિનિધી**

**૬૨૫ થી ૮૭૪ સુધી ત્રણ પ્રતિનિધી**

**૮૭૫ થી ૧૧૨૪ સુધી ચાર પ્રતિનિધી**

અને એ ધોરણે આગળ ગણવાનું રહેશે.

(ત્રીસથી ઓછી વસ્તીવાળા ગામોના જ્ઞાતિજનોનો નજીકના ગામના મહાજનમાં સમાવેશ થયેલો ગણાશે.)

હર હમેશાની જેમ આપના સહયોગ ની અપેક્ષા.

સેક્રેટરી જનરલ – **ચીમન મોતા**

જય જય શ્રી ચિંતામણી પાર્શ્વનાથજી

# શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટ
# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, વરાડીયા

## નોટીસ - વાર્ષિક સામાન્ય સભા

સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા **રવિવાર, તા. ૧૦/૦૧/૨૦૧૬ના બપોરે ૩ કલાકે શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, કસ્તુરબા રોડ, મુલુંડ (પ.), મુંબઈ-૮૦** મધે બોલાવવામાં આવેલ છે. સર્વે વરાડીયાવાસીઓને સમયસર પધારવા વિનંતી છે.

### એજંડા - કાર્ય સૂચિ

૧. ગત સભાની મીનીટ્સનું વાંચન તથા બહાલી.
૨. વર્ષ ૨૦૧૪-૧૫ના ઓડીટેડ હિસાબો તથા ઓડીટર્સ રીપોર્ટની રજુઆત તથા બહાલી.
૩. વર્ષ દરમ્યાન આવેલ ટ્રસ્ટીઓના રાજીનામા સ્વીકાર્યા બાદ ખાલી પડેલ બેઠકો માટે નવા ટ્રસ્ટીઓની નિમણુંકની બહાલી.
૪. મેનેજીંગ ટ્રસ્ટીની નિમણુંકને બહાલી.
૫. જીર્ણોધ્ધાર - રીપેરીંગ બાબત ચર્ચા વિચારણા.
૬. અન્ય કાર્યવાહી પ્રમુખશ્રીની મંજુરીથી.

**નોંધ :**

૧. ઓડીટેડ હિસાબો તા. ૨૯-૧૨-૨૦૧૫ થી તા. ૨-૧-૨૦૧૬ સુધી સાંજના ૪ થી ૫ કલાક સુધી (૧) શ્રી નિરંજન કેશવજી મોમાયા, આઈડીયલ ટ્રાંસપોર્ટ, ૩૬ અશોક ચેમ્બર્સ, દાણાબંદર, મુંબઈ-૯. તથા (૨) શ્રી વિનોદ ડાઘા, ૫૦૩, ચાણક્ય, દેવિદયાલ રોડ, મુલુંડ (પ.), મુંબઈ-૮૦ ખાતે ખુલ્લા રાખવામાં આવેલ છે.
૨. કોરમના અભાવે મુલતવી રહેલ સભા એ જ દિવસે એજ સ્થળે અડધા કલાક પછી મળશે જેને કોરમની આવશ્યકતા નહીં રહે.
૩. એજંડા સિવાયના સવાલો/સૂચનો ૪ દિવસ આગાઉ લેખીતમાં મોકલવા જેથી ઉચિત તૈયારી કરી શકાય.
૪. સભા બાદ અલ્પાહારની વ્યવસ્થા છે.

## વરાડીયામાં પર્વાધિરાજ પર્યુષણની રૂડી આરાધના

આરાધક : **શ્રી કીર્તિકુમાર નેણશી મોમાયા** (અમદાબાદ-વરાડીયા)
કુલઘૃત : ૫૭૫૫૦ મણ (સ્વપ્ન ઘૃત ૩૩,૮૫૧ મણ)
કલ્પસુત્ર : **માતુશ્રી રતનબાઈ કુંવરજી રામજી મોમાયા** મણ ૫૨૫૨/-
પારણું : **સૌ. ધરા દિપેશ નવીનચંદ્ર મૈશેરી** (લાલા) મણ ૧૧૧૧/-
અઠ્ઠાઈ તપ: ૧. **શ્રી પદમ લાલજી વેલજી લોડાયા**
૨. **શ્રી મિતેશ પ્રફુલ લખમશી મોમાયા**
૩. **સુશ્રી નીના લખમશી નરશી મોમાયા**
૪. **સૌ. હિના જીતેન્દ્ર હંસરાજ લોડાયા**

**પર્વ દરમ્યાન સાધર્મિક ભક્તિના દાતાઓશ્રીની અનુમોદના**

શ્રા.વ. ૧૩
માતુશ્રી માંકબાઈ લધાબાઈ મણશી મોમાયા,બેંગલોર/પૂના
શ્રા.વ.૧૪
માતુશ્રી રાજબાઈ કેશવજી વેલજી મોમાયા, મુંબઈ
શ્રા.વ.૩૦
માતુશ્રી ચંદનબેન દેવશી રતનશી લોડાયા, મુંબઈ
ભા.સુ.૧
સૌ. મધુબાલા લહેરચંદ રતનશી ડાઘા, મુંબઈ
ભા.સુ.૨
માતુશ્રી લતાબેન મણીકાંત મેઘજી મોમાયા, હૈદરાબાદ
ભા.સુ.૩
માતુશ્રી સોનબાઈ વિસનજી દામજી મોમાયા, મુંબઈ
ભા.સુ.૪ ૧. માતુશ્રી રતનબાઈ હેમરાજ કાનજી મોમાયા, હુબલી
૨. માતુશ્રી હીરાવંતી ગુલાબચંદ પાસવીર મોમાયા,મુંબઈ
ભા.સુ.૫
મા. ભાનુમતીબેન કરમચંદ આણંદજીવિકમશી, હુબલી
ભા.સુ.૬
મા. ગંગાબાઈ નરશી જેઠાબાઈ દંડ, મલકાપુર

સ્થાનિક ૨૮ તથા બહારગામથી ૩૫ ભાવિકોની હાજરી. પર્વ દરમ્યાન બે ટ્રસ્ટીઓ શ્રીમતી આશાબેન દીપક ગંગાધર ડાઘા તથા શ્રીમતી લીનાબેન મધુકાંત ભવાનજી મોમાયાની સૂચક હાજરી રહેલ.

**વરાડીયામાં અતિથિગૃહ તથા ભોજનશાળાની સુવિધા છે.**

લિ. **શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટ**
**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, વતી ટ્રસ્ટીગણ**

### મુંબઈ મહાજન દ્વારા પાલીતાણામાં તપસ્વી યાત્રા પ્રવાસ

શ્રી અનંતનાથજી દેરાસર મસ્જિદ બંદર સંઘમાં ચાતુર્માસ અંગે બીરાજમાન પૂ. સાધ્વીશ્રી ચારૂપ્રજ્ઞાશ્રી મ.સા તથા શ્રી આદિનાથ જિનાલય ભાડુંપ સંઘમાં ચાતુર્માસ અંગે બીરાજમાન પૂ. સાધ્વીશ્રી જિનેન્દ્ર ગુણાશ્રી મ.સા.ના ચાતુર્માસ દરમ્યાન પર્યુષણ પહેલાં એમની પ્રેરણાથી થયેલ શ્રી શેત્રુંજ્ય તપ તથા શ્રી શેત્રુંજ્ય ભાવયાત્રાના તપસ્વીઓને શ્રી શેત્રુંજ્ય મહાતીર્થ પાલીતાણાની યાત્રા કરાવવાનું આયોજન શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ દ્વારા ૧ અને ૨ નવેમ્બર ૨૦૧૫ના થયેલ. તપસ્વીઓને યાત્રા કરાવવાનો સંપૂર્ણ લાભ દાતાશ્રી માતુશ્રી દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયા સાંયરા/ડોંબિવલી પરિવારે લીધેલ.

શેઠશ્રી નરશી નાથા ધર્મશાળા પાલીતાણામાં તપસ્વીઓ સાથે ૧૦૩ યાત્રિકોનું ૧ નવેમ્બરના આગમન થયું. સૌ યાત્રિકો મહાજનના પદાધિકારીઓ સાથે કચ્છીભુવનમાં ચાતુર્માસ અર્થે બિરાજમાન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગર સૂરિશ્વરજી મ.સાહેબ તથા ગણિવર્ય શ્રી વીરભદ્ર સાગરજીને સાંત્સરિક વંદન કરેલ પૂજ્યશ્રીએ માંગલિક અને વ્યાખ્યાન કરેલ. તળેટી દર્શન ચૌવિહાર બાદ ચંદ્રપ્રભુ સ્વામિ દાદાના દરબારે પ્રભુ ભક્તિ-ભાવના. બીજા દિવસે ૨ નવેમ્બરના સૌ યાત્રિકો અને તપસ્વીઓએ ગિરિરાજ મહાતીર્થની યાત્રા સુખરૂપ પરિપૂર્ણ કરી.

### મુંબઈ મહાજનના અધિકારીઓ અને શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓની કુમઠા, ગદગ, હુબલીની મુલાકાત

શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર, મુંબઈ અંતર્ગત શ્રી કુમઠા જૈન દેરાસર કોમ્પલેક્સ, અતિ પ્રાચીન વાલગિરિ દેરાસરની નવા ચુંટાયેલા છ ટ્રસ્ટીઓ સાથે શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈના પાંચ અધિકારીઓએ પ્રથમ મુલાકાત લઈ શ્રી પાર્શ્વનાથ ભગવાન તેમજ શ્રી શાંતિનાથ ભગવાન જુહાર્યા.

શ્રી ક.દ.ઓ. જૈન સંઘ, ગદગ મહાજનના પ્રમુખશ્રી સુધીરભાઈ સોની, પદાધિકારીઓ તથા સ્થાનિકે વસતા ગ્રામજનો દ્વારા ૨૧.૧૧.૧૫ ના સવારે સત્કાર થયો. નવકાશી બાદ શ્રી ગદગ જૈન સંઘ સાથે સવિસ્તાર ચર્ચા વિચારણા માટે મેળાવડાનું આયોજન થયું પ્રમુખશ્રી કલ્પેશભાઈ મોતાનું શ્રી ગદગ મહાજનના પ્રમુખશ્રી તથા પદાધિકારીઓ દ્વારા બહુમાન કરવામાં આવેલ. ગદગ મહાજન સંચાલિત ૧૦૦ વર્ષથી જુની સ્કુલની મુલાકાત


"Come celebrate our 1st anniversary with us!"

With your love and support we have successfully completed

**One Year of our Matunga Store.**

On this occasion, there is **Special Offer** at the store for only 2 days

**13th & 14th December 2015**

**Don't miss the chance and join us in our celebration!**

*Silk Saree Emporium*

28, Gani Mansion, Shop No.1, Behind Arora Theatre, King's Circle, Matunga (E), Mumbai - 400 019. **Tel.: 2404 3995 / 93222 58574**

**Timing :** 11 am to 7.30 pm

**Note : We are open this Sunday(13th Dec) for our anniversary celebration!**

।। શ્રી અનંતનાથાય નમઃ ।।

# KDO G.V.C. JAIN SANGH

C/o. Gunodayasuridham, A/42, Anant Chhaya, 353/3, R. B. Mehta Marg, Ghatkopar (East), Mumbai - 400 077.

સુજ્ઞ મહાશય, જય જિનેન્દ્ર !

આપ સર્વેને જણાવતાં આનંદ થાય છે કે શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘને ૧૦ વર્ષની પૂર્ણાવૃત્તીની ઉજવણી રૂપે જાન્યુઆરી મહિનામાં **તા. ૨૪-૦૧-૨૦૧૬ને રવિવારના ગુરૂકુલ સ્કુલ ગ્રાઉન્ડ, ઘાટકોપર (ઈ)** મધ્યે આખા દિવસનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમની રૂપરેખા નીચે મુજબ છે.



## GVC SPORTS










આ રમત ગમ્મતમાં વિવિધ હરીફાઈઓનું આયોજન કરવામાં આવ્યું છે. એમાં ગ્રુપ આ પ્રમાણે છે. ૩ થી ૭ વર્ષ, ૮ થી ૧૫ વર્ષ, ૧૬ થી ૩૦ વર્ષ, ૩૧ થી ૪૫ વર્ષ અને છેલ્લે ૪૬ વર્ષથી ઉપરના. આમાં ભાગ લેનાર દરેક વ્યક્તિ દીઠને રૂા. ૨૦૦/- (રીફંડેબલ) ડીપોઝીટ આપવાની રહેશે અને સાથે ફોર્મ પણ ભરવાનું રહેશે. **નામો વહેલો તે પહેલાના ધોરણે તા. ૧૫-૦૧-૧૬ સુધીમાં લખાવવા વિનંતી.** ગ્રાઉન્ડ પર નામ લખવામાં આવશે નહીં. જે કોઈ પણ વ્યક્તિ આ હરિફાઈમાં ભાગ લેશે એની સાથે આવનાર એક વ્યક્તિ (ટોટલ ૨ જણ)ની સવારના નાસ્તો તથા બપોરના જમવાની વ્યવસ્થા કરવામાં આવશે. વધુ વિગત માટે અમારા નીચે મુજબના કાર્યકર્તાઓનો સંપર્ક સાધવા વિનંતી. (૧) સતીષભાઈ વિકમશી - ૯૮૭૦૧ ૩૧૧૯૩ (૨) અનીલભાઈ ખોના - ૯૨૨૪૨ ૮૦૩૧૪ (૩) લીનાબેન લોડાયા - ૯૭૬૪૧ ૧૦૧૦ (૪) ઉપાસનાબેન દંડ - ૯૮૧૯૯ ૯૪૦૧૫.

## GVC FUN-N-FAIR










આ ફન ફેર આનંદ મેળામાં વિવિધ વેરાઈટીના સ્ટોલ હશે. જેમને પણ ફનફેરમાં સ્ટોલ રાખવું હોય એમને રૂા. ૧૦૦૦/- ડીપોઝીટના આપવાના રહેશે. સ્ટોલનું ભાડું રૂા. ૩૦૦/- રહેશે. આપને ડીપોઝીટમાંથી સ્ટોલનું ભાડું લઈને બાકીના રૂપીયા આપને કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પાછા આપવામાં આવશે. ખાવાના સ્ટોલમાં ફક્ત જૈન ફુડ રાખવામાં આવશે. **નામો વહેલા તે પહેલાના ધોરણે તા. ૧૫-૦૧-૨૦૧૬ સુધી લખાવવા વિનંતી.** આના માટે અન્ય વિગતો જાણવાની હોય તેમને અમારા નીચે મુજબના કાર્યકર્તાઓનો સંપર્ક સાધવા વિનંતી. (૧) બીનાબેન પોલડીયા - ૯૯૬૯૯ ૪૧૬૩૫ (૨) પ્રીતીબેન ખોના - ૯૮૨૦૬૯ ૪૯૯૯ (૩) દર્શનાબેન મૈશેરી - ૯૯૩૦૧ ૧૧૮૬૫ (૪) હંશાબેન શાહ - ૯૮૧૯૮ ૮૧૩૮૧

# GVC KUTCHI DHAB DANDIYA RAS

કચ્છી ઢબના દાંડીયારાસ કાર્યક્રમમાં વિવિધ હરીફાઈઓનું આયોજન (ઉંમર પ્રમાણે) કરવામાં આવ્યું છે. આ હરીફાઈઓ જેવી કે (૧) ઢોલ રાંધ (૨) મટુકડી (૩) ૧૨ દાંડીયા (૪) ધમાલ (૫) તાંબડી રાંધ (૬) થાળી રાંધ વગેરે હરીફાઈઓનું આયોજન કરવામાં આવેલ છે. આ હરીફાઈમાં ભાગ લેવા માટે આપને ટ્રેડીશનલ ડ્રેસ (અસલ કચ્છી પહેરવેશ) પહેરવાનો રહેશે. વધુ વિગત માટે અમારા નીચે મુજબના કાર્યકર્તાઓનો સંપર્ક સાધવા વિનંતી. (૧) કલ્પનાબેન મૈશેરી - ૯૭૭૩૨ ૦૦૪૮૬ (૨) બીનાબેન વિકમશી - ૯૮૨૦૦ ૮૨૯૪૯ (૩) માનસીબેન શાહ - ૯૩૨૩૦ ૭૬૦૪૦ (૪) જયકાંત મોતા - ૯૮૧૯૬ ૨૮૩૮૨ (૫) પ્રકાશભાઈ લાલકા - ૯૮૨૧૮ ૯૯૩૩૧.

કચ્છી ઢબના દાંડીયારાસ રમવા ટ્રેડીશનલ ડ્રેસ પહેરીને સજોડે સાજન મહાજનની સાથે અને કુટુંબ સહીત પધારવા ભાવભર્યું આમંત્રણ છે. તો વહેલાસર પધારી સ્પોર્ટસમાં રમત ગમ્મતમાં અને આનંદ મેળામાં (અલગ-અલગ) જુદી જુદી વાનગીઓનો સ્વાદ માણવા વહેલાસર પધારી કાર્યક્રમની શોભા વધારશો.

**નોંધ :** શ્રી સંઘ દ્વારા રૂા. ૧૦૦/-ના ફ્રી કુપન ફન ફેર આનંદ મેળા માટે ફેમીલી દીઠ (ઘર દીઠ) આપવામાં આવશે.

ઉપર મુજબના દરેક કાર્યક્રમમાં આપનો ઉમળકાભર્યો સાથ-સહકાર દાખવશો એવી અપેક્ષા સાથે શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘ આપ સૌને ભાવભર્યું આમંત્રણ પાઠવે છે.

જી.વી.સી. સ્પોર્ટસ, ફન ફેર - આનંદ મેળો તથા કચ્છી ઢબના દાંડીયારાસમાં નિયમો બનાવવાનો, હરીફાઈ ઓછી કે વધુ કરવાનો તથા બદલવાનો અબાદીન અધિકાર શ્રી ક. દ. ઓ. જી. વી. સી. જૈન સંઘનો રહેશે.

**ઉપર મુજબના કાર્યક્રમ માટે દાતા આવકાર્ય છે.**

---

## ચાલો... ચાલો... ચાલો...
## શ્રી મુનીસુવ્રત સ્વામી ભગવાનને જુવારવા કામણ તીર્થ...

શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘ દ્વારા આયોજીત જાન્યુઆરી મહીનામાં **૩ (ત્રણ) શનીવાર તા. ૦૨-૦૧-૨૦૧૬, તા. ૦૯-૦૧-૨૦૧૬ અને તા. ૧૬-૦૧-૨૦૧૬**ના કામણ તીર્થનું આયોજન કરવામાં આવેલ છે. નામ વહેલો તે પહેલાના ધોરણે રૂા. ૨૦૦/- (રીફંડેબલ) ડીપોઝીટ આપી અનંતછાયાના મહેતાજી પાસે લખાવવા વિનંતી. મો. ૯૬૯૯૦ ૧૯૧૯૪. ત્રણે શનીવાર આવશે એમને રૂા. પાછા આપવામાં આવશે.

**-: કામણ તીર્થના દાતા પરિવાર :-**

**સાંધવ રત્ન શેઠશ્રી મુલજીભાઈ રાઘવજી લોડાયા પરિવાર (સાંધવ-દાદર)**
**હ. : શ્રીમતી જયશ્રીબેન કાંતીલાલ દંડ પરિવાર (મલકાપુર-ઘાટકોપર)**



**લી. શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘના કાર્યકર્તાના જય જિનેન્દ્ર !**



UPASANA-9820167767

તેમજ જીવન સંધ્યાની મુલાકાત લેવામાં આવી.

હુબલીમાં હુબલી જૈન સંઘના પ્રમુખ શેઠશ્રી ભરત બી. ખીમજી તથા હુબલી સંઘના પદાધિકારીઓ દ્વારા ઉષ્મા ભર્યુ સ્વાગત થયું. મેળાવડો થયો. મુંબઈ મહાજન પ્રમુખ શ્રી કલ્પેશભાઈ મોતાનું શ્રી હુબલી સંઘ દ્વારા માનસભર બહુમાન થયું. તે પછી મહિલા મંડળ સંચાલિત ગૃહઉદ્યોગની મુલાકાત. સંઘ સંચાલિત શ્રી અજિતનાથ ભગવાનના દેરાસર તેમજ બાજુમાં આવેલ મારવાડી સમાજના દેરાસરમાં બિરાજમાન શ્રી શાંતિનાથ ભગવાનના દર્શન વંદન સંપન્ન થયા.

ટ્રસ્ટીઓ અને પદાધિકારીઓએ કુમઠામાં ૨૨.૧૧.૧૫ કુમઠા તથા વાલગિરિ જિનાલયોમાં સેવા પૂજા દર્શન વંદન વિધિ કરી.

**સમિટ કે.ડી.ઓ. એંજલ ઈન્વેસ્ટર ગ્રુપ - ૧૦૦**

બેંગલોરુમાં શુક્રવાર તા. ૮-૧ તથા શનિવાર તા. ૯-૧-૨૦૧૬ યોજાનારા કે.ડી.ઓ ગ્લોબલ સમિટ ઓન આઈટી એન્ડ એમરજીંગ બિઝનેસમાં થયેલી હિલચાલોને નકર સ્વરૂપ આપી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિને થનગનાટભરી તથા ગતીશીલ બનવવા લાંબા ગાલાસુધી લાભકારી રહે તેવા ક્ષેત્રોમાં રોકાણ કરવા કે.ડી.ઓ એંજલ ઈન્વેસ્ટર ગ્રુપ ૧૦૦ ના મંચની સમિટમાં સ્થાપના કરવામાં આવશે. આ મંચ વિશેષ રૂપે સંઘટિત કરાયેલ વ્યવસાયોકોની ખાસ સમિતિ દ્વારા સમિટમાં આવેલ દરખાસ્તોમાંથી લાંબાગાળા સુધી લાભકારી અને આર્થિક રીતે વ્યવહારૂ જણાયેલી દરખાસ્તોને આધારે ઘડાયેલ નક્કર પ્રોજક્ટોમાં સલામત અને લાભકારી રોકાણ કરવાની તક આપીઈ. આ અંગે પોતે કેટલું રોકણ કરવા ઈચ્છશે તે અંગે ખ્યાલ આપવા જ્ઞાતિના રોકાણ કારોને તથા સૂચન આપવા આગેવોનોને અનુરોધ કરવામાં આવે. છે.


શુભેચ્છા સહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,
૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

શુભેચ્છાઓસહ *Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**
C.H.A.No. 11-0404

રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709


**વાત્સલ્યમૂર્તિ**



**સ્વ. માતુશ્રી નવલબાઈ વીરચંદ દંડ**
(છાડુરા, સુરત)
સ્વર્ગવાસ : ૧૦-૧૨-૨૦૧૪

## ❖ આપની પ્રત્યક્ષ હાજરી વિના ના ૩૬૫ દિવસ ❖

''જીવન એવું જીવી ગયા... સૌના હૈયે વસી ગયા
ઝંઝાવાતો આવ્યા જીવનમાં... હળવે રહીને હસી ગયા
અ-હિતના જ્યાં માર્ગ દેખાયા... સમજી ને દુર ખસી ગયા
પુણ્ય ખૂટ્યા અમારા... સ્વર્ગ લોકે આપ વસી ગયા''

આપની વાત્સલ્યતા લાગણીશીલ સ્વભાવ, નિસ્વાર્થ પ્રેમ તથા
જૈન ધર્મ પ્રત્યેની શ્રેષ્ઠ ભાવના હર હંમેશ અમોને પ્રેરણા આપતી રહેશે.
આપના પવિત્ર આત્માને જન્મો જૈન ધર્મનું શરણ અને નવકાર મંત્રનું સ્મરણ રહે
આપના પવિત્ર આત્માને શાશ્વત શાંતિ મળે અને ભવાંતરે મોક્ષ પ્રાપ્તિ મળે
એ જ હદયપૂર્વકની પ્રાંજલ પ્રાર્થના.

**આપની પાવન સ્મૃતિમાં**
**આપની પરોક્ષ હાજરી ને સતત અનુભવનાર**

પુત્ર-પુત્રવધુ - ચિ. શરદ - સૌ. ઈન્દુ
પુત્રી-જમાઈ - હંસાબેન - લખમીચંદ ધરમશી
પુત્રી-જમાઈ - રસીલા - ચીમનલાલ નાગડા
પુત્રી-જમાઈ - સૌ. નયના - ચેતન મોમાયા

પૌત્ર-પૌત્રવધુ - ચિ. મેહુલ - સૌ. અલ્પા
પૌત્ર-પૌત્રવધુ - ચિ. રાહુલ - સૌ. ભવિતા
પૌત્ર-પૌત્રવધુ - ચિ. પલ્લવ - સૌ. લહર
પ્રપૌત્ર-પ્રપૌત્રી - ચિ. ઊદિત, પ્રથમ ● કુ. આર્યા, કાવ્યા, સાનવી

**સમસ્ત દંડ પરિવારની ગુણાંજલિ - ભાવાંજલિ**


卐 ।। શ્રી વાસુપૂજ્ય સ્વામીને નમઃ ।। 卐

# શ્રી બૃહદ મુંબઈ પંચ પરમેષ્ઠી પરિવાર

પ્રેરિત

# શ્રી અચલગચ્છ જૈન સમાજ – મુલુંડ

આયોજીત



## મહામંત્ર શ્રી નવકાર ભાષ્ય જાપ મહાઅનુષ્ઠાન....

નવકાર નિષ્ઠ **પૂ.શ્રી જયંતભાઈ રાહી સાહેબના શ્રી મુખે...**

સુર-તાલ-સંગીતના સુરમ્ય સથવારે ભાવ ભરી આરાધના.....

**રવિવાર, તા. ૨૦-૧૨-૧૫, સવારના ૮.૩૦ કલાકે**

સ્થળ : શ્રી વાસુપૂજ્ય સ્વામી જૈન દેરાસરજી, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ)

**દિવ્યકૃપા** : શાસનસમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા.
**શુભાશીષ** : તપસ્વીસમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી **ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.

## : પાવન નિશ્રા :

સાહિત્ય દિવાકર, સૌમ્ય સ્વભાવી પ.પૂ.આ.ભ. શ્રી **કલાપ્રભસાગરસૂરીશ્વરજી** મ.સા. આદી ઠાણા
દીર્ઘ સંયમી પ.પૂ.સા. શ્રી **નિરંજનાશ્રીજી** મ.સા. ના શિષ્યા શાસનપ્રભાવિકા પ.પૂ. શ્રી **પુણ્યોદયશ્રીજી** મ.સા. ના શિષ્યા
પ.પૂ.સા.શ્રી **સૌમ્યગુણાશ્રીજી** મ.સા., પૂ.સા.શ્રી **સંયમગુણાશ્રીજી** મ.સા., પૂ.સા.શ્રી **ખંતિગુણાશ્રીજી** મ.સા. આદિ ઠાણા

## : શુભ નિમિત :

પૂ.સા. શ્રી **સંયમગુણાશ્રીજી** મ.સા. તથા પૂ.સા.શ્રી **મૌનગુણાશ્રીજી** મ.સા.
**૩૮મી દિક્ષા તિથી (મૌન એકાદશી)** નિમિત્તે
તેમજ
પૂ.સા.શ્રી **ખંતિગુણાશ્રીજી** મ.સા. ના વીરલ એવા **મહાન ભદ્રતપની સુખદ પૂર્ણાહુતી** નિમિત્તે
યોજાયેલ આ **નવકાર જાપ** અનુષ્ઠાનમાં સમયસર પધારીને અમોને ઉપકૃત કરશોજી.

## : લાભાર્થી પરિવાર :

માતુશ્રી દયાબેન જગદીશભાઈ ખેતશી નાગડા પરિવાર (ગઢશીશા- ઘાટકોપર)
માતુશ્રી માનબાઈ દામજીભાઈ ખીંયશી મૈશેરી પરિવાર (લાલા-મુલુંડ)
માતુશ્રી લક્ષ્મીબાઈ વેલજીભાઈ વેરશી લોડાયા પરિવાર (આરિખાણા-મુલુંડ)

સૌએ સફેદ વસ્ત્ર પરિધાન કરી આવવા નમ્ર વિનંતી.

**જાપ પૂર્ણ થયા બાદ સાધર્મિક ભક્તિનો લાભ આપવા બે કર જોડી પ્રાર્થના....**

**લિ. શ્રી મુલુંડ અચલગચ્છ જૈન સમાજ**

## શ્રી કે.ડી.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - હૈદરાબાદના દિવાળી સ્નેહ મિલન ૨૦૧૫માં
## વાર્ષિક સભા - સરસ્વતિ સન્માન - ફેન્સી ડ્રેસ રાસ ગરબાની ધૂમ તસ્વીરો પહેલા અને બીજા કવર પર

શ્રી કે.ડી.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - હૈદરાબાદ દ્વારા તા. ૧૫ નવેમ્બર ૨૦૧૫ના શ્રી કચ્છી ભવન હૈદરાબાદ મધ્યે દિવાળી સ્નેહ મિલન ખૂબજ ધામધૂમ થી ઉજવવામાં આવેલ. પ્રથમ ૫ થી ૧૫ વયનાં બાળકો માટે ફેન્સી ડ્રેસ હરીફાઈ રાખેલ. બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. ત્યારબાદ રેકોર્ડ ડાન્સ રાખવામાં આવેલ.

સાંજે વાર્ષિક સામાન્ય સભામાં મંચ પર પ્રમુખ શ્રી ધનપત લાલજી મોતા, ઉપપ્રમુખ શ્રી ધીરજભાઈ જેતશી ધુલ્લા, માનદ મંત્રી મોનિક વિનોદ ધરમશી, ખજાનચી શ્રી વિરેન્દ્ર શીવજી મોતા તથા મહિલા મંચના પ્રમુખ શ્રીમતી લતાબેન મણીકાંત મોમાયા, માનદ મંત્રીણી શ્રીમતી જ્યોતી મહેન્દ્ર મોતા અને ચેન્નાઈથી પધારેલ અતિથિ વિશેષ શ્રી તિલકચંદભાઈ લોડાયા બીરાજમાન હતા.

નવકાર મંત્ર ધૂન પછી જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા તથા માજી પ્રમુખ શ્રી મણીકાંત મેઘજી મોમાયાની છબીને હાર પહેરાવી દીપ પ્રજ્વલીત કરી સભા શરૂ કરવામાં આવી. માજી પ્રમુખ શ્રી મણીકાંતભાઈને બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.

પ્રમુખ શ્રી ધનપતભાઈ એ નૂતન વર્ષની શુભકામના આપી હતી. દરેક સભ્યને વર્ષ માટે સુખ, સમૃધ્ધી ને સફળતાની શુભેચ્છા આપી હતી.

માનદ મંત્રી શ્રી મોનિકભાઈએ ગત બે વર્ષ દરમ્યાન થયેલ પ્રવૃત્તીઓનો અહેવાલ આપ્યા હતો. મોનિકભાઈએ માજી પ્રમુખશ્રી મણીકાંતભાઈને શ્રધ્ધાંજલિ આપતાં કહ્યું કે એમણે ગત ૬ વર્ષે નિકટતાથી એમની સાથે કામ કરેલ. સ્વ. મણીકાંતભાઈનું ઉદારદિલ, સાગર જેવું વિશાળ વ્યક્તિત્વ ધરાવનારનો પરિચય આપવો એટલે સૂર્યને દીવો બતાવવા જેવું છે. તેઓશ્રી શ્રી કચ્છી મિત્ર મંડળના પ્રથમ કચ્છી દશા ઓસવાલ પ્રમુખ બન્યા, શ્રી અચલગચ્છ જૈન સંગ સીટીનાં પ્રથમ મેનેજીંગ ટ્રસ્ટી બન્યા. દક્ષિણ ભારત દશા ઓસવાલ જૈન એકમના ઉપપ્રમુખ હતા.

**પ્રવૃત્તિ :**

- દક્ષિણ ભારત કે.ડી.ઓ.માં મણીકાંતભાઈના અવસાનથી ખાલી પડેલ ઉપપ્રમુખના સ્થાન પર તેમજ કે.ડી.ઓ હૈદરાબાદ મહાજનના પ્રમુખપદે શ્રી ધનપતભાઈ લાલજી મોતાની નિમણુક કરવામાં આવી. હૈદરાબાદ મહાજનના ઉપપ્રમુખપદે શ્રી ધીરજભાઈ જેતશી ધુલ્લાની નિમણુંક કરવામાં આવી.
- વિદ્યાર્થી સંઘ મુંબઈના સહયોગથી લોંગબુકનું રાહત દરે હૈદરાબાદમાં વિતરણ કરવામાં આવેલ.


## દિવાળી ધમાકા

### અણમોલ તક ફરી નહીં મળે

ટ્રેડીંગમાં માસીક ૪% ૩૬ મહીના આપના બેંક A/c માં, ૧૦૦% પેમેન્ટ **

૩૭માં મહીને મુદ્દલ રીફંડ,

વધારે વિગત માટે રૂબરૂ મળો.

Whatsapp :

096999 37370 / 093244 37370


## શ્રી માટુંગા કચ્છી શ્વેતાંબર મૂર્તિપુજક જૈન સંઘનું સભ્યપદ

માટુંગા, વડાલા, સાયન (મુંબઈ નં. ૧૯, ૩૧ અને ૨૨)માં વસતા આપણા જ્ઞાતિજનો શ્રી માટુંગા કચ્છી શ્વેતાંબર મૂર્તિપુજક જૈન સંઘનું સભ્યપદ મેળવી શકે છે. આ વર્ષે ૧૫ ડિસેમ્બર સુધીમાં કાર્યાલયમાં અરજીપત્રક મેળવી યોગ્ય વિધી કરી સભ્યપદ મેળવવા જ્ઞાતિના આગેવાનોએ અનુરોધ કર્યો છે.

॥ જય શ્રી આશાપુરા માં ॥

### મોટી સિંધોડી મધ્યે બીરાજમાન મા આશાપુરાને નમતા મૈશેરી પરિવારના ભાવિકો જોગ

જય માતાજી સાથે જણાવવાનું કે માતાજીની ગંધી બદલવાનું કાર્યક્રમ ચૈત્ર સુદ ૯ને તા. ૧૫-૪-૨૦૧૬ના નિરધારેલ છે. તો તા. ૧૪-૪-૨૦૧૬ ના સ્થાનિકે મોટી સિંધોડી મધ્યે પધારવા સર્વે ભાવિકોને ભાવભર્યુ આમંત્રણ છે.

વેળાસર પધારશોજી અને તેની માહિતી નીચે મુજબના ભાવિકોનો જાણ કરશો. જેથી સ્થાનિકે વ્યવસ્થા કરવામાં સરળતા રહે.

લિ. **આશાપુરાને નમતા ભાવિકો અને મૈશેરી પરિવાર**

મંજુલાબેન દામજી મૈશેરી - 09833260488
ચંદુલાલ દામજી મૈશેરી - 098331 51258
ભરત નરશી મૈશેરી - 080971 31368
વિજય શીવજી મૈશેરી - 093231 52388

– વ્યવસ્થાપક સમિતિને મદદરૂપ થવા ૩ સભ્યોને કો ઓપ્ટ કરવામાં આવ્યા. ૧. હેમાંગ મણીકાંત મોમાયા, ૨. હીરેન (રાજુભાઈ) પટેલ, ૩) શ્રી હંસકુમાર રાયચંદ સાયલા.

– જ્ઞાતિજનોના સૂચના પ્રમાણે બંધારણના પેટા કાયદા (Bye Laws) તેયાર કરવામાં આવેલ છે એવી માહિતી આપી. સભ્યોને કોપી જોઈએ તો ધીરજભાઈ પાસેથી મેળવી શકાશે એવી જાહેરાત થઈ.

– વર્ષ ૨૦૧૪-૨૦૧૫ નાં એસ.એસ.સી., ઇન્ટરમીડીયેટ, ગ્રેજ્યુએટ તથા આ વર્ષથી દાખલ કરવામાં આવેલ પોસ્ટ ગ્રેજ્યુએટ પરીક્ષાઓમાં સર્વોચ્ચ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીઓનું માતુશ્રી જેતબાઈ જેતશી ધુલ્લા રજત પદકથી બહુમાન કરવામાં આવેલ.

શિક્ષણ સહાયતા અનુદાન આપનાર સહૃદયીદાતાશ્રી ૧) શ્રી રમેશ પ્રેમજી લાલજી પરિવાર, ૨) શ્રી હેમાંગ મણિકાંત મોમાયા, ૩) શ્રી ધનપત લાલજી પરબત મોતા, ૪) શ્રી ધીરજ જેતશી ધુલ્લા, ૫) શ્રી વીરેન્દ્ર શીવજી મોતા, ૬) શ્રી મોનિક વિનોદ ધરમશી, ૭) શ્રી રાજુભાઈ (હિરેન) પટેલ આદિ મહાનુભાવોનો ખૂબ ખૂબ આભાર.

વડીલ વંદનામાં દામ્પત્ય જીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરનાર દંપતિઓનું સન્માન કરવામાં આવેલ. વયોવૃદ્ધ ૭૫ વર્ષથી ઉપરના વડીલોનું સન્માન કરવામાં આવેલ.

આજનાં મુખ્ય અતિથિ તથા કે.ડી.ઓ. ગ્લોબલ સમિટ ઓન આઈટી એન્ડ એમરજીંગ બિઝનેસના સ્વપ્ન શિલ્પી શ્રી તીલકચંદભાઈએ કે.ડી.ઓ. ગ્લોબલ સમિટ ૨૦૧૬ વિશે માહિતી આપી હતી તેમણે યુવા વર્ગને પ્રોત્સાહન આપેલ.

વર્ષ ૨૦૧૬ નાં સ્વામી વાત્સલ્યનાં દાતા માતુશ્રી સ્વ. લક્ષ્મીબેન શામજી લાલકા ગામ વાંકુ હાલે ચૈતન્યપુરી હસ્તે માણેકજી શામજી લાલકા પરિવારનો આભાર વ્યક્ત કરેલ.

આ વર્ષના સ્વામી વાત્સલ્યનાં દાતા શ્રીમતી લતાબેન મણીકાંત મોમાયા પરિવારનો ખૂબ આભાર વ્યક્ત કરવામાં આવ્યો. આજની સભામાં ૫૦૦થી ઉપર સભ્યાએ હાજરી આપી હતી. આજના કાર્યક્રમના ગીફ્ટ સ્પોન્સર માતુશ્રી વિજયાબેન વેલજી ધરમશી નો આભાર વ્યક્ત કરવામાં આવેલ.

કાયમી ફંડ માટે વધુ થી વધુ ફાળો નોંધાવવા વિનંતી કરવામાં આવી.

પ્રમુખ અને સેક્રેટરીના સહ કાર્યકર્તાઓ શ્રી હેમાંગ મોમાયા, રાજુ પટેલ, હિતેશ ધરમશી, ધીરજભાઈ ધુલ્લા, લહેરચંદ લોડાયા, ગુલાબભાઈ મોતા અને શ્રીમતી કાતાંબેન દંડનો સહયોગ માટે આભાર માનવામાં આવ્યો.

સ્વામી વાત્સલ્યના સ્વાદીષ્ટ ભોજન માણ્યા બાદ રાસ ગરબા દાંડીયા હરીફાઈ રાખવામાં આવેલ. યુવાનો યુવતીઓ તેમજ પ્રૌઢ વ્યક્તિઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.

હરીફાઈના જજ (ફેન્સી ડ્રેસ, ડાન્સ, ગરબા, દાંડીયા) શ્રીમતી જેની હેમાંગ મોમાયા તથા શ્રી તેજલ કૌશિક મહેશ્વરીનું સન્માન કરવામાં આવેલ.

સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન શ્રીમતી રશ્મીબેન રાજેશ લોડાયા એ સુંદર રીતે કરેલ હતું. સૌએ રાત્રે ૧૨ વાગ્યા સુધી કાર્યક્રમની મૌજ માણી.

## નાંદેડવાસી જ્ઞાતિ આગેવાન કેતન કુલીનકાંત નાગડાની જાહેર જીવનમાં આગેકૂચ



જ્ઞાતિજનોએ દેશાવરમાં જ્યાં જ્યાં વસવાટ કર્યો ત્યાં ત્યાં કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિના પ્રતિભાવાન આગેવાનોએ જાહેર જીવનમાં પોતાનું અલગ કૌવત દેખાડી સૌનો પ્રેમ અને આદર મેળવ્યા છે. આવા સમર્થ આગેવાનોની યાદીમાં તાજેતરમાં નાંદેડના જ્ઞાતિજન કેતન કુલીનકાંત નાગડાનું નામ જોડાયું છે.

તેઓ નાંદેડના ગુજરાતી સમાજના ઘણા વખતથી અધ્યક્ષ હતા હાલમાં તેમણે નાંદેડની ગુજરાતી શિક્ષણ સંસ્થાના અધ્યક્ષપદે ભારે બહુમતીથી ચુંટાઈ પરિવાર અને જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે.


શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મુલજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

શ્યોર સેફ્ટી : શ્રી નિશીથ દંડ, વડોદરા
અભિનંદન – શુભેચ્છાઓ...
આપશ્રીએ અમેરીકા, રશિયા જેવા દેશોની મોનોપૉલી તોડી, ઘર આગણે.. વડોદરાની પોતાની ફેક્ટરીમાં 'અંતરીક્ષ યાત્રી માટેનો શુટ' ૧૦૦ કરોડ ને બદલે ૧ કરોડ અને ૧૦ વર્ષને બદલે ૨ વર્ષમાં તૈયાર કરી, વિક્રમ સર્જ્યો છે. ગામ, પરિવાર, જ્ઞાતિ, ગુજરાત સહિત ભારતની શાન વિશ્વમાં વધારી છે.
*તન-મન પરિવાર*

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી ગુજરાતી મહિલા સેવા મંડળ - બેલ્લારી

શ્રી ગુજરાતી મહિલા સેવા મંડળ બેલ્લારી દ્વારા સાલ મુબારકનો કાર્યક્રમ હોટેલ રોયલ ફોર્ટમાં રાખવામાં આવેલ. સૌ. નીતા શરદ મૈશેરીએ મંડળની ગતિવિધિઓનું વાર્ષિક વિવરણ રજૂ કરેલ. વિદ્યાર્થીઓને પુરસ્કાર વિતરણ થયું. ચી. યુવલ સંદીપ શાહને મલેશિયામાં કરાટે પ્રતિયોગિતા જીતવા બદલ, ચિ. દિશા શરદ મૈશેરીને કેન્દ્રના માનવને સંશોધન મંત્રી શ્રીમતી સ્મૃતિ ઈરાની તરફથી પ્રશંસાપત્ર મેળવવા બદલ, શ્રીમતી બીના શ્રીવિાસ ને થીસીસ લખવા બદલ, સૌ હેતલ(હની) મિલિંદ પતંગેને ડૉ.મસ્કીકરની પુણ્યતિથિ નિમિત્તે ફ્રી હેલ્થ ચેકઅપ ફોર વિમેન કેમ્પનું સફળ આયોજન કર્યા બદલ અભિનંદન અપાયા. લકી ડીપના ત્રણ પ્રાઈઝ ધનવંતી ત્રિકમજી ધરમશી, મહેન્દ્ર શાહ, કાંન્તીલાલ શાહ તરફથી રાખવામાં આવેલ. સૌ. ચાર્મી નિખિલ મૈશેરી તથા સૌ.દીપા સંદીપ શાહે હાઉઝી ગેમ રમાડી. વિજેતાઓને પુરસ્કાર આપવામાં આવ્યા.

### બેલ્લારી કચ્છી ગુજરાતી નવયુવક મંડળ

બેલ્લારી કચ્છી ગુજરાતી નવયુવક મંડળે નવ દિવસ નવરાત્રીનું આયોજન કરેલ. મંડળને સમાજના પ્રમુખ વિજય મેઘજી મૈશેરી, કાંતિલાલ શાહ, નીતિન ત્રિકમજી ધરમશી, હીરાચંદ મેઘજી મૈશેરી અને નરેન્દ્ર એન સાવલાનો સહકાર મળ્યો. કાર્યક્રમમાં ગુજરાતી મારવાડી સર્વે સંઘે ઉત્સાહભેર ભાગ લીધો. દરરોજ સૂકો પ્રસાદ તથા આઠમ દરમિયાન શીરો-ચણાનો પ્રસાદ વિતરણ કરવામાં આવ્યા જે બનાવવામાં શ્રી ગુજરાતી મહિલા સેવા મંડળે સાથ આપ્યો.

### વારાપધરમાં લાલકા પરિવારની સમૂહ પહેડી


વારાપધરમાં બીરાજમાન લાલકા પરીવારના કુળદેવી ચામુંડામાતાજીની સમુહ પહેડી તથા હવન કારતક સુદ પુનમ ૨૫.૧૧.૧૫ના સંપન્ન થયા. વાપી, અંકલેશ્વર, સેંધવા, પુના,નવી મુંબઈ, ડોંબિવલી, ઘાટકોપર, નલીયાથી આવેલ ૪૦ ભાવિકોએ પહેડી પ્રસાદનો લાભ લીધેલ. ચાંપશી જેઠાભાઈ લાલકા હસ્તે રાજેશ (વારાપધર વાપી) પરિવારે પહેડી તથા હવનનો લાભ લીધેલ. વ્યવસ્થા ઉમરશીભાઈ લાલકા અને તિલક લાલકાએ સંભાળેલ. અત્રેના દેરાસરજીના પુજારી હેમંત હેમંતભાઈ અને શિવુભા દરબારે સાથ સહકાર આપેલ.

### વરાડીયામાં સાધ્વી ભગવંતો પધાર્યા

શ્રી સાંયરા જૈન સંઘ, પૂ.સાધ્વી ભગવંત શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.આદીઠાણા ૨, સાથે ૨૭ નવેમ્બરના વરાડીયા પધારતાં તેમનું સામૈયું કરવામાં આવેલ. ચૈત્યવંદન કરી પૂજ્યશ્રીએ માંગલિક અને વ્યાખ્યાનનો લાભ આપેલ. વ્યાખ્યાનમાં સંઘપૂજનના ભાગ્યશાળીઓ મધુરીબેન લહેરચંદ ડાઘા તથા મધૂરીબેન મહેન્દ્ર ડાઘા અને બોલપેનની પ્રભાવના ચિ. તોરલ નરેન્દ્ર લોડાયા તરફથી કરવામાં આવી. નવકારશીનો લાભ માતુશ્રી માંકબાઈ લધાબાઈ મોમાયા પરિવારે લીધેલ. તથા શ્રી સાંયરા જૈન સંઘ તરફથી સાકરની ઘર દીઠ પ્રભાવના થયેલ. બીજા દિવસે પૂજ્યશ્રીએ વ્યાખ્યાન પ્રકાશેલ. વ્યાખ્યાન દરમ્યાન સંઘપૂજનનો લાભ ચિ. આશિકા દેવેન્દ્ર મોમાયાએ લીધેલ. બંને દિવસ પૂ.સાધ્વી ભગવંતશ્રી જયકિર્તીશ્રીજીએ મ.સા.એ શુભનિશ્રા આપેલ.

### તીરૂપુરમાં ધાર્મિક કાર્યક્રમો યોજાયા

તિરૂપુરના જ્ઞાતિજનો દ્વારા પર્યુષણ બાદ ચૈત્યપરિપાટીનું આયોજન થયું કોચીનમાં પુ.શ્રી ધર્મપ્રભસાગર મ.સા.ને વંદન અને કોચીન તીર્થનાં દર્શનનો લાભ મળે એ રીતે બે બસ દ્વારા ૭૦ જણાએ

**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

## નવા/બદલાવેલા સરનામા-(પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| રશ્મિ અજીત સાયલા | VENUAAI ARCADE BUILDING, 1ST FLOOR, ROOM NO-6, KOPER CROSS ROAD, SHASTRI NAGAR, OPP. JAIN MANDIR, DOMBIVLI (WEST), 421202, MOBLE NO- 098195 92798 / 098330 62286. |
| લલીત ચંદુલાલ માલદે(ડાઘા) | ઓમ શાંતિ ભુવન-બી,પેલા માળે રૂમ નં. ૩,તુળશી રામ બંગલોની સામે, શાસ્ત્રી નગર,જુનુ ડોમ્બીવલી રોડ,ડોમ્બીવલી (વે)-૪૨૧૨૦૨ મો- 92243 35397 |
| પુષ્પા મહેન્દ્ર લોડાયા | ૧૦૪,અજય અપાર્ટમેંટ,નારાયણ નગર,મોર્ડન ડેરીની પાછળ,ભાયંદર (વે) થાણે-૪૧૧૦૧૧ |
| અમિત મહેન્દ્ર મોમાયા | 19, AMRAPALI SOCIETY, 2ND FLOR, WATER TANK ROAD, KARELIBAUG, VADODARA-390018 મો નં.- 9979862308 |
| સોમસંથ એન. મોતા KURUMPAPALAYAM, | C/O S.NIRMAL KUMAR, 8/334C RAKKI ANNAN TEMPLE , STREET, MADUKKARAI, COIMBATORE.. PINCODE 641105 |
| અતુલ શાંતિલાલ દંડ | Plot No. 179, Tenament no.8, "navkar" City Star Association, Ward - 8/A, Subhash Nagar, Gandhidham - Kutch, Pin-370201 |

લાભ લીધો.કોચીન સંઘે સારી વ્યવસ્થા કરી હતી. મ. સા. ને સમૂહવંદના કર્યા બાદ શ્રી હર્ષ દેઢીયા ધ્વારા નવકાર મંત્રના જાપ માં સૌએ ભાગ લીધો. શ્રી પરેશ મોતાના ઘરે સંઘની સ્વાગતા કરવામાં આવી. બપોરના સ્વામી વાત્સલ્ય કોચીન સંઘ તરફથી હતું. સાંજે શ્રી મુકેશ લોડાયા ના ઘર સંઘે ચા પાણી લીધા.

અલ્પઇ જઈ દર્શન અને આરતી નો લાભ લઈ ચૌઉવિહાર કર્યો. ચૌઉવિહારની વ્યવસ્થા શ્રી હંસરાજ વેરશી નાગડા તીરૂપુરવાલા તરફથી કરાયેલ.

આસો માસની આયંબિલની ઓળી શ્રી જશગુલાબવાળા તરફથી કરવામાં આવેલ.દરરોજ ૨૫ થી ૩૦ આયંબિલ થયાં.તીરૂપુરથી ૨૫૦ જણા દસ દિવસ માટે સમેતશીખર તીર્થ યાત્રાએ ગયા છે.

### મુલુંડમાં મહાકાલી ભાવના

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડ દ્વારા શ્રી મહાકાળી માતાજીની ભાવના રવિવાર ૨૦ ડિસેમ્બરના રાતે ૯ કલાકે શ્રી વાસુપૂજ્ય જિનાલયમાં યોજાશે, જેનો લાભ માતુશ્રી માનબાઈ દામજી ખીંયશી મૈશેરી પરિવાર-લાલાવાળાએ લીધેલ છે. ભાવના રિધ્ધિ સિધ્ધિ મંડળ કરાવશે. આગામી ભાવના રવિવાર ૧૭ જાન્યુઆરીના નિર્ધારેલ છે. જેનો લાભ શ્રી મોતીચંદ લાલજી ખોના પરિવાર-નલીયાવાળાએ લીધો છે.

### હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવારના સથવારે તા ૨૫.૧૨.૨૦૧૫ને શુક્રવારના ૧૦ વાગ્યાથી ૧ દરમ્યાન પરબ શક્તિ સંજીવની સોસાયટીની ક્લિનીક, શ્રી અનંતનાથ કોમ્લેપક્સ (જૈન કોમ્પલેક્સ), ડબ્બા કંપનીની બાજુમાં, કાંજુરમાર્ગ (ઈસ્ટ)માં હાડકાની તકલીફ ધરાવતા દર્દીઓ માટે હોમિયોપેથિક મેડીકલ કેમ્પ યોજાયેલ છે.

ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક : શ્રીમતી શ્વેતા મિતેશ શાહ, મોબાઈલ : ૯૬૧૯૨૭૦૪૩૦ પર તારીખ : ૨૧.૧૨.૨૦૧૫ સુધી રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશનના રૂા.૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કિન તથા રોગના દર્દીઓ માટે હોમિયોપેથિક મેડીકલ કેમ્પ શનિવાર તા ૨૬.૧૨.૨૦૧૫ સવારના ૧૧ થી ૨ વાગ્યા સુધી શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર, ચેમ્બુરના ખાતે યા જાયેલ છે. રજીસ્ટ્રેશનના કાંજુરમાર્ગમાં રૂા૫૦/- અને ચેમ્બુરમાં રૂા.૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.


ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551

યુ. કે. ખીમજી એન્ડ કાં. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
અવસર સારીઝ
* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ
૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

# જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯.૧૧.૧૫ | અંધેરી | સમર-શ્રધ્ધા/કૌશલ પાશ્વીર ખોના | રંગપુર | પુત્ર |
| ૦૩.૦૯.૧૫ | મુલુંડ | અદ્વિક કુંજન ભાવિન તિલકચંદ નાગડા | તેરા | પુત્ર |
| ૨૧.૦૬.૧૫ | જલગાવ | મહિકા કનિકા મયુર પ્રવિણ લોડાયા | બારોઇ | પુત્રી |
| ૨૮.૦૮.૧૫ | મુલંડ | જીયા હિરલ મિહિર પ્રફુલ લાલકા | વારાપધર | પુત્રી |
| ૨૨.૧૧.૧૫ | ડોમ્બીવલી | રેવા મેઘા જતિન નરેન્દ્ર શિયાલ | દલતુંગી | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯.૧૧.૧૫ | ઘાટકોપર | દિપેન મહેન્દ્ર શિવરાજ નાગડા | નલિયા | ૪૧ |
| | અમદાવાદ | કાજલ ટોકરશી નરશી લોડાયા | સાંધવ | ૩૧ |
| ૩.૧૨.૧૫ | અંકલેશ્વર | આશિષ રમેશ શામજી લોડાયા | તેરા | ૨૬ |
| | અમદાવાદ | કૃતિકા મણિકાંત ભાણજી મૈશેરી | બાંઢીયા | ૨૫ |
| ૧૯.૧૦.૧૫ | બાગલકોટ | લલીત દિનેશ હેમરાજ નાગડા(ભૂલ સુધાર) | સાંધાણ | ૩૮ |
| | કોચીન | નિતલ વિજય પદમશી ધરમશી | સાયરા | ૩૧ |

### આંતર જ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨.૧૨.૧૫ | વડોદરા | મીત અનીલ વાડીલાલ ધરમશી | સેવક ભરૂડીયા | ૨૯ |
| | વિલેપાર્લા | અંકીતા નીતિનકુમાર મેહતા | મુંબઇ | ૨૬ |

### સગપણ છુટા

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯.૧૧.૧૫ | ડોમ્બીવલી | હર્ષ મહેશ ખેતશી દૌલત (ધુલ્લા) | સુથરી | ૨૪ |
| | અમદાવાદ | ખુશ્બુ કુલીન ખેતશી ધરમશી | જસાપર | ૨૧ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭-૧૧-૧૫ | સેલમ | આકાશ અરવિંદ ચંદ્રકાંત મુનવર(જીવાણી) | જખૌ | ૨૬ |
| | બડગટા | કુંજ વસંત શીવજી પોલડીયા | બાયઠ | ૨૪ |

### છૂટાછેડા

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩.૮.૧૫ | થાને | પૂર્વેશ જીતેન્દ્ર ધનજી ધરમશી | સાંધવ | ૩૩ |
| | મુલુંડ | રચના હીરાચંદ ચત્રભુજ લોડાયા | સાયરા | ૩૧ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨.૧૨.૧૫ | માટુંગા | ઉત્તમચંદ શીવજી નાગડા | નલિયા | ૭૭ |
| ૦૨.૧૨.૧૫ | - | મુરબાઈ મોરારજી તેજપાર પટેલ | બાંઢિયા | - |
| ૦૩.૧૨.૧૫ | મુંદ્રા | ચંદ્રકાંત હંસરાજ લોડાયા | સુથરી | ૭૫ |
| ૦૪.૧૨.૧૫ | એલ્લેપી | મહેન્દ્ર મણીલાલ શીવજી મહેશ્વરી | સાંધાણ | - |

**શ્રી જખૌ રત્નટુંક દેરાસર તથા ટ્રસ્ટઃ પ્રકાશ સમીક્ષાના અંક નં. ૪૭માં ૧૪ પાને પ્રગટ થયેલ જાહેરાતમાં ભૂલસુધાર**

૭મી લાઈનમાં ખોળમાં ને બદલે ખોળામાં વાંચવું, ૧૦મી લાઈનમાં પોખળાનો ને બદલે પોંખવાનો વાંચવું, ૨૧મી લાઈનમાં શાલભદ્રને બદલે શાલિભદ્ર વાંચવું, ૨૩મી લાઈનમાં પાશ્વને બદલે પાર્શ્વ તથા શિયાડને બદલે શિયાલ વાંચવું, ૨૫મી લાઈનમાં ખ્યાખ્યાને બદલે વ્યાખ્યાન વાંચવું, ૩૧મી લાઈનમાં લીલબા ને બદલે લીલબાઈ વાંચવું, ૩૨મી લાઈનમાં નિર્મલાબેનને બદલે નિર્મળાબેન, ૩૩મી અને ૩૪મી લાઈનમાં કુવરજીને બદલે કુંવરજી વાંચવું.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

shantijin
प्रसन्नता...सर्वदा

SILVER JUBILEE 25 1991 - 2015

# રજત જયંતી મહાપર્વ
## સમૂહ લગ્નોત્સવ - ૨૦૧૫

શનિ-રવિ, ૧૨-૧૩ ડિસેમ્બર ૨૦૧૫ | ટિન સિટી ગ્રાઉન્ડ, ભુજ, કચ્છ

સમસ્ત જૈન સમાજ માટે આયોજિત સર્વોત્કૃષ્ટ સમૂહ લગ્નોત્સવમાં દરેક જૈન પરિવારને પધારવા માટે સહર્ષ નિમંત્રણ. પ્રસન્નતા અને અપાર આનંદ સાથે પાર પડનારા આ કાર્યક્રમમાં અનેક મહાનુભાવો ઉપસ્થિત રહેશે. આવો, શ્રેષ્ઠ જૈન સમાજના સંપ, સબળતા અને સહકારના ગુણો ઝળકાવીએ, સમૂહ લગ્નોત્સવ - ૨૦૧૫ યાદગાર બનાવીએ!

### સુવર્ણ સ્તંભ દાતા

**સંઘમાતા ભારતીબહેન ભાગચંદ દામજી જૈન પરિવાર, કોઠારા-મુલુંડ**
**માતુશ્રી લક્ષ્મીબાઇ જગશી ચાંપશી છેડા પરિવાર, કાંડાગરા-ભુજ**
**શ્રીમતી રશ્મીબહેન પ્રતાપ ચાંપશી લોડાયા પરિવાર, તેરા-મુલુંડ**
**માતુશ્રી બાયાંબાઇ જાદવજી ગોસર પરિવાર, ત્રિદેવ ગ્રુપ**
**(હસ્તે હરીશ મુલચંદ ગોસર, વિઢ-મુલુંડ)**

### રજત સ્તંભ દાતા

શ્રીમતી દમયંતીબહેન ચાંપશી માણેકજી લોડાયા, લોખંડવાલા
(હસ્તે જાસ્મિની અતુલ શાહ, સાંધવ-ઘાટકોપર)
માતુશ્રી પદ્માબહેન અશોક કલ્યાણજી ભેદા, નેપચ્યુન ગ્રુપ-વારાપધર-મુલુંડ

### આધાર સ્તંભ દાતા

માતુશ્રી કુંવરબાઇ ભવાનજી સોની, હસ્તે જયંત સોની - જોય ગ્રુપ-સુથરી-જુહુ
માતુશ્રી કસ્તુરીબહેન મુલજી દંડ હસ્તે ભુપેન્દ્ર શાહ - ભુમીરાજ ગ્રુપ-લાખણિયા-નવી મુંબઈ
માતુશ્રી સોનબાઇ મુલજી પટેલ મોમાયા - સાંયરા-મુલુંડ-હૈદરાબાદ
માતુશ્રી રતનબાઇ કાંતિલાલ મોતા - ટિકિટાર-રાયધણજર-મુલુંડ
શ્રીમતી મીનાબહેન શામજી માણેકજી લોડાયા - લોખંડવાલા-સાંધવ-થાણે

**માગસર સુદ એકમ**
**શનિવાર ૧૨/૧૨/૨૦૧૫**
જાનૈયા-માનૈયાનું સ્વાગત
નવકાર પર્વ
નવકાર જાપ અનુષ્ઠાન
મહાકાળી માતાજીની ભાવના
ગીત સંગીત પર્વ અને સંગીત-દાંડિયા રાસ

**માગસર સુદ બીજ**
**રવિવાર ૧૩/૧૨/૨૦૧૫**
પરિણય પર્વ
સમૂહ લગ્નોત્સવ - ૨૦૧૫
વરઘોડો, હસ્તમેળાપ, લગ્ન સમારોહ,
મહાપર્વ - ભવ્ય અભિવાદન સમારોહ,
વિદાય સમારંભ

## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઇ
www.shantijin.org
અધ્યક્ષ: જયેશ જૈન • ઉપાધ્યક્ષ: ગોવિંદજી પટેલ, પ્રવીણ લોડાયા

## શ્રી કચ્છી વિશા ઓસવાલ જૈન મહાજન - ભુજ
પ્રમુખ: તારાચંદ જગશી છેડા

# ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

ESTD. 1984

**Shri Arihant Co-op. Bank Ltd. is one of the top 100 co-operative Bank amongst over 1500 Co-operative Banks all over India.**



Chairman Shri Mahendra D Khona & CEO Shri Khetshi D. Khona recieving the Award at the award function of Indian Co-operative Banks Technology Summit 2015 held at Mumbai organised by NAFCUB and Bitstream Media Works on 22nd November 2015.


# પાંચમી પુણ્યતિથિએ શ્રધ્ધાસુમન



સમગ્ર પરિવારને એક તાંતણે ગુંથી રાખનાર, સૌની વ્યવસ્થા જાળવી જાણનાર,
વિઘ્નો સૌના દુર કરનાર, સૌના માન જાળવનાર, સહૃદયી, દયા-કરૂણાના સાગર,
સ્નેહસભર, જીવદયા પ્રેમી, અમારા માર્ગદર્શક, આધારસ્તંભ એવા
આપની છત્રછાયા ગુમાવ્યાને આંખના પલકારે પાંચ વર્ષ વિતી ગયા છતાંય
ચહેરો નજર સમક્ષ સદૈવ તરવર્યા કરે છે,
ખોટ હરપલ સાલે છે અને આંખો ભીંજાયા કરે છે...

## સ્વ. વિજયાબેન મણીલાલ ત્રીકમજી ડાઘા

ગોરેગામ (દલતુંગી)

અરિહંત શરણ તા. ૦૮/૧૨/૨૦૧૦



લિ. આપની અમર સ્મૃતિમાં...

| | | | |
|---|---|---|---|
| પતિ | : મણીલાલ ત્રીકમજી ડાઘા | દીકરી-જમાઈ | : પારૂલ - પંકજ દંડ |
| પુત્ર-પુત્રવધુ | : • ચેતના-સંજય • દીપા-નિકુંજ • ચાંદની-મનોજ | દોહિત્ર-દોહીત્રી | : ભાવેશ - નિધિ |
| પૌત્ર-પૌત્રી | : • ઊર્જા • જય • સિધ્ધાર્થ • ઝલક • રોનક | નણંદ | : સોનબાઈ ત્રિકમજી ડાઘા<br>બાંયાબેન ઉમરશી ધમરશી |

**માતુશ્રી રતનબેન ત્રિકમજી દેવજી ડાઘા સમસ્ત પરિવાર (દલતુંગી)**
**માતુશ્રી લીલબાઈ નાંગશી માણેકજી લોડાયા સમસ્ત પરિવાર (નાની ખાવડી)**

# પ્રથમ પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



ગામ : નલીયા
હાલ : ઘાટકોપર

સ્વર્ગવાસ :
તા. ૯-૧૨-૨૦૧૪

## સ્વ. ચંદનબેન જાદવજી લાલજી ધરમશી

જેમનું રકત અમારા તનમાં, જેમની શીખ અમારા કણમાં, જેમનું વાત્સલ્ય અમારા વેણમાં...
જેમનાં સંસ્કાર અમારા રગે રગમાં, જેમની મુરત અમારા નેણમાં, જેમની સમૃધ્ધિ અમારા જીવનમાં !
રડી પડે છે આંખો અમારી જોઈ મીઠી તસવીર તમારી...
મન હજુ માનતું નથી કે ''માં'' તું નથી, હરેક પળે યાદ આવી રહી છે માં અમોને તમારી !
માડી અમારો ખજાનો સમૃધ્ધિ બન્યો છે... બસ ઓછપ એટલી જ છે કે હવે ''માં'' તું નથી
જેની કુખે અમે આ દુનિયાને નિહાળીએ છીએ... એવી માં ''ચંદનબાઈ''ને નિહાળી શકાતી નથી.
તમારા હેતની નહોતી કોઈ હદ, સ્નેહના નહોતા કોઈ સીમાડા...
માં તારી આશિષમાં નહોતી કોઈ અધુરાશ, કરૂણાનાં નહોતા કોઈ કિનારા...
કેમ કરીને ભુલીએ તમારા સંભારણાં....
બસ પ્રભુ એમના પવિત્ર આત્માને શાંતિ અર્પે એજ અભ્યર્થના.

**અમારી લાખેણી માંના ચરણોમાં અમારા લાખ લાખ વંદન.**

❖ સાથે સહ પુષ્પાજંલિ ❖

પુત્ર-પુત્રવધુ : અ.સૌ. વિપુલા મુકેશ જાદવજી ધરમશી (નલીયા)
અ.સૌ. મયુરી ધર્મેશ જાદવજી ધરમશી (નલીયા)
પૌત્ર : અર્જુન તેમજ મીત ના વંદન

શા. લાલજી રાજપાર ધરમશી સહ પરિવાર (નલીયા)
શા. પીતાંબર લધાબાઈ ડાઘા સહપરિવાર (વરાડીયા)

સૌજન્ય : કે. ડી. એમ. સ્વીટ, ફોન : 07350 884545 / 098196 28578

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

## ૧૨મી પુણ્યતિથિએ ભાવભરી શ્રધ્ધાંજલિ



જન્મ :
તા. ૧૯-૧૨-૧૯૩૨

દેહવિલય :
તા. ૦૫-૧૨-૨૦૦૩

## સ્વ. જવેરબાઈ ધનજી ધરમશી

**વાત્સલ્ય, મમતા અને સમર્પણનો ત્રિવેણી સંગમ એટલે ''મા''.
હતાં ત્યારે તો હતાં જ તમે, પરંતુ આજે તમે અમારા હૃદયના ધબકારામાં,
શ્વાસોશ્વાસમાં, અમારી રગેરગમાં... તમે એવા ને એવા જ વસો છો – વહો છો અને રહો છો!
પ્રભુને કોટિ કોટિ વંદના કરતી પ્રાર્થના કે આપનો આત્મા જ્યાં પણ હોય તેને શાંતિ આપે.
આપની અમીદ્રષ્ટિ, મમતા સદાય અમારા ઉપર વરસતી રહે એ જ અભ્યર્થના !**

KHUSHALSHAH GROUP OF COMPANIES

DRL DRL LOGISTICS PVT. LTD.

DHARAMSHI HOLDING & DEVELOPERS PVT LTD

DHARAMSHI RESORTS

DHARAMSHI RESORTS PVT LTD
Resort Address: 30th K.M. Bangalore-Kunigal Road, N.H. 48, Nelamangala-562 123
Phone: 080- 2770 0257- 2770 0263, Mobile: 9844002300, 7353202300, 7353102300
Email: dharamshiresorts@gmail.com, Website: www.dharamshiresorts.com

R.K. LOGISTICS R.K.DEVELOPERS
Khushalchand D Shah, Mobile:09844002300/ 09449053053

H.O. No. 33, Komal Mansion, M.T.B. Road,
Near Minerva Circle, Bangalore-560 002
Tel: 080-22238181/81/83, 22298181/82/83, Fax: 080-42060613
Email: bangalore@drllogistics.com, Website: www.drllogistics.com
Rahul Khushal Dharamshi, Managing Director : Mob: 09844009008

R.O. No. 77/80,Pranav Chambers, Unit No. 2, Sector 19/C,
Vashi, Navi Mumbai-400 705
Tel: 022- 2783 8266-8255 Fax: 022-27839008
Email: mumbai@drllogistics.com, Webste: www.drllogistics.com
Mehul Khushal Dharamshi, Director : Mob: 09320409008

Trust us to move logically-Full Load Accepted all over India-50 Years in Transport
DRL is pioneer in Transport Industry, Despatch your goods through DRL Logistics Pvt Ltd

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,